



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 294 | AD-2022, Ashadh Vad-((0, Thursday, Dt. 28-07-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કાર્તિ ચિદમ્બરમ, અનિલ દેશમુખની અરજી સહિત કુલ ૨૪૨ અરજીઓ પર મહત્વપૂર્ણ ચુકાદો

# મની લોન્ડરિંગ હેઠળ ઈડીને ધરપકડની સત્તા : સુપ્રીમ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૭

મની લોન્ડરિંગના વિભિન્ન કેસમાં પૂછપરછનો સામનો કરી રહેલા નેતાઓને સુપ્રીમ કોર્ટે રાહત ન આપી. મની લોન્ડરિંગ હેઠળ ઈડીની ધરપકડના અધિકારને સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો. કોર્ટે કહ્યું કે ઈડીની ધરપકડની પ્રક્રિયા મનમાની નથી.

સુપ્રીમ કોર્ટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની વિભિન્ન જોગવાઈઓની માન્યતાને યથાવત રાખી. કોર્ટે કહ્યું કે અધિનિયમ હેઠળ જામીન માટે કડક શરતો કાનૂની છે, તે મનમાની નથી. અત્રે જણાવવાનું કે વિવિધ આરોપીઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં લગભગ ૨૫૦ જેટલી અરજીઓ દાખલ થઈ હતી જેના પર સુનાવણી બાદ કોર્ટે આ આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે ઈડી અધિકારીઓ માટે મની લોન્ડરિંગના કેસમાં કોઈ અપરાધીને અટકાયતમાં લેવાનો સમય, ધરપકડનો આધાર જણાવવું જરૂરી નથી.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં ઈડીની તપાસ, ધરપકડ અને સંપત્તિને એટેચ કરવાનો અધિકાર યથાવત રાખ્યો છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે તપાસ દરમિયાન ઈડી, એસએફઆઈઓ, ડીઆરઆઈના અધિકારીઓ (પોલીસ ઓફિસર નહીં) સામે નોંધાયેલા નિવેદનો પણ કાયદેસર પુરાવા છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે આરોપીને ઈસીઆઈઆર (ફરિયાદની કોપી) આપવી પણ જરૂરી નથી. આરોપીને જણાવી દેવામાં આવે કે તેને ક્યા આરોપ હેઠળ ધરપકડ કરાઈ રહ્યા છે તે જણાવવું પુરતું છે. કાર્તિ ચિદમ્બરમ, અનિલ



દેશમુખની અરજી સહિત કુલ ૨૪૨ અરજીઓ પર આ ચુકાદો આવ્યો. કોર્ટે કહ્યું કે પીએમએલએ હેઠળ ધરપકડનો ઈડીનો હક યથાવત રહેશે. ધરપકડની પ્રક્રિયા મનમાની નથી. જસ્ટિસ એએમ ખાનવિલકર, જસ્ટિસ દિનેશ માહેશ્વરી અને સીટી રવિ કુમારની સ્પેશિયલ બેન્ચે આ ચુકાદો આપ્યો. જસ્ટિસ ખાનવિલકરે ચુકાદો આપતા કહ્યું કે સવાલ એ હતો કે કેટલાક સંશોધન કરાયા છે, તે થઈ શકે તેમ નહતા. સંસદ દ્વારા સંશોધન કરી શકાતા હતા કે નહીં, આ સવાલ અમે ૭ જજોની પેનલ માટે ખુલ્લો છોડ્યો છે. કોર્ટે કહ્યું કે કલમ ૩ હેઠળ ગુનો ગેરકાયદેસર લાભ પર આધારિત છે. ૨૦૦૨ કાયદા હેઠળ અધિકારી કોઈના ઉપર ત્યાં સુધી કેસ ન ચલાવી શકે જ્યાં સુધી એવી ફરિયાદ કોઈ સક્ષમ મંચ સમક્ષ પ્રસ્તુત ન કરવામાં આવે. કલમ ૫ બંધારણીય રીતે માન્ય છે. આ એક સંતુલનકારી કાર્ય પ્રદાન કરે છે અને દેખાડે છે કે અપરાધની આવકની ભાળ કેવી રીતે મેળવી શકાય.

#### નરેન્દ્ર મોદીના શાસનમાં ઇડીના દરોડામાં ૨૭ ગણો વધારો

નરેન્દ્ર મોદીના શાસનકાળ ૨૦૧૪-૨૨માં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)ના દરોડામાં ૨૭ ગણો વધારો થયો છે. જે ૨૦૦૪થી ૨૦૧૪ના ગાળામાં માત્ર ૧૧૨ સર્ચ જેટલી જ રહી હતી. ૨૦૧૪-૨૨માં આ આંકડો વધીને ૩,૦૧૦ થયો છે તેવી માહિતી રાજ્યસભામાં અપાઇ હતી. રાજ્યકક્ષાના નાણામંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં એક લેખિત જવાબમાં કહ્યું હતું કે જૂના કેસોમાં પેન્ડિંગ તપાસના નિકાલ તેમજ નવા કેસોમાં તપાસ નિયત સમયમાં પૂર્ણ કરવામાં સર્ચની સંખ્યામાં વધારો થયો હતો.

### હજુ પણ ૧૦૦થી વધુ લોકો સારવાર હેઠળ : મૃત્યાંક વધે તેવી શક્યતા

# બોટાદ લઠ્ઠાકાંડની કરૂણાંતિકા : ૫૭ લોકોના મોત

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં ફરી એકવાર લઠ્ઠાકાંડ સર્જાયો છે, બોટાદના રોજીદ ગામમાં ઝેરી દારૂ પીવાથી અત્યાર સુધી ૫૭ લોકોના મોત થઈ ગયા છે, અને ૧૦૦થી વધુ લોકોની હાલત નાજુક છે અને જુદી જુદી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. હજુપણ મૃત્યુઆંક વધી શકે છે. રાજ્યના DGPએ પ્રેસ કોન્ફરન્સમાં મોટો ખુલાસો કર્યો હતો કે પાણીમાં કેમિકલ નાખીને દારૂ વેચવામાં આવ્યો છે, આ એક કેમિકલ કાંડ છે.



હાલ પોલીસ એકશનમાં આવી છે રાજ્યમાં ચાલતા દેશી દારૂના અડ્ડા પર દરોડા પાડવામાં આવી રહ્યા છે, રાજકોટ, સુરત, વડોદરા સહિત અનેક શહેરોમાં બૂટલેગરો સામે કડક કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે. સોમવારે સાંજે સર્જાયેલા કથિત લઠ્ઠાકાંડમાં ધીરે ધીરે કરીને મોતનો આંકડો બુધવારે સવાર સુધી ૪૧ પર પહોંચી ગયો. અમદાવાદ અને બોટાદ કેમિકલ કાંડમાં અત્યાર સુધીમાં ૫૭ લોકોનાં મોત થયા છે. તો ૧૦૦ લોકો હજી પણ જીવન અને મોત સામે ઝઝૂમી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે એફએસએલની તપાસમાં જણાયું કે અમુક સેમ્પલમાં ૯૮.૭૧ ટકા તથા ૯૮.૯૯ ટકા મિથાઈલ આલ્કોહોલની હાજરી જણાઈ હતી. સારવાર હેઠળ દર્દીઓની ટ્રીટમેન્ટ ડોક્ટર તથા આ ઝેરી કેમિકલના એન્ટીડોટ સંદર્ભે એફએસએલના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે.

#### લઠ્ઠાકાંડના દર્દીઓ ભાવનગર હોસ્પિટલમાંથી ફરાર

બોટાદ તથા અમદાવાદ જિલ્લાના ધંધૂકા તાલુકાના અનેક ગામડાઓમાં બે દિવસ પૂર્વે ઝેરી કેમિકલ્સયુક્ત શરાબનું સેવન કરવાથી અનેક વ્યસનીઓ ઝેરી શરાબથી અસરગ્રસ્ત થયા હતા અને એક બાદ એક વ્યસનીઓની હાલત કફોડી બનતા અમદાવાદ, બોટાદ અને ભાવનગરની સરટી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં બે દિવસની સારવાર દરમ્યાન હજુ સારવાર પૂર્ણ નથી થઈ ત્યાં ૧૩ થી વધુ દર્દીઓ હોસ્પિટલમાંથી અધુરી સારવારે ફરાર થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.

# વિશ્વમાં મંકીપોક્સનો હાહાકાર : ૧૬ હજારથી વધુ કેસ, ભારતમાં પાંચ કેસ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૭

કોરોનાના કહેર સામે ઝઝૂમી રહેલી દુનિયામાં હવે મંકીપોક્સના વધતા કેસોએ ખળભળાટ મચાવી દીધો છે. વિશ્વના ૮૦ દેશોમાં મંકીપોક્સના ૧૬ હજારથી વધુ કેસ નોંધાયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કહેવામાં આવ્યું હતું કે મંકીપોક્સનો ચેપ શક્ય છે પરંતુ તે જીવલેણ નથી.

મંકીપોક્સથી પીડિત લોકોને તાવથી લઈને શરીરમાં દુઃખાવો, શરીરના ભાગોમાં સોજો જેવી ફોલ્લીઓ હોય છે. પીડિતને તેમાંથી બહાર આવવામાં ૨ થી ચાર અઠવાડિયા લાગે છે.



વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, પીડિત વ્યક્તિના સંપર્કમાં આવવાથી મંકીપોક્સ થઈ શકે છે. તેમણે એમ પણ જણાવ્યું કે વાંદરાઓ, ઉંદરો અને ખિસકોલીઓ પણ આ રોગ ફેલાવી શકે છે. કેટલાક કેસ ગંભીર પણ હોઈ શકે છે.

પશ્ચિમ આફ્રિકામાં મંકીપોક્સથી પીડિત કેટલાક દર્દીઓએ જીવ પણ ગુમાવ્યો છે. જો કે, આવા કિસ્સાઓ એક ટકાથી ઓછા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, મૃત્યુ દર શૂન્યથી ૧૧ ટકા સુધી જઈ શકે છે. તેમણે એમ પણ જણાવ્યું કે, નાના બાળકોમાં આ રોગ જીવલેણ બની શકે છે.






# દેશની જૂદી - જૂદી બેંકમાં ૪૮,૨૬૨ કરોડ બિનવારસી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૭



દેશની જૂદી-જૂદી બેન્કોમાં ૪૮,૨૬૨ કરોડ રુપિયાની જમા રકમનું કોઈ દાવેદાર નથી અને નિષ્ક્રિય ખાતાઓમાં નાણા પડ્યા છે તે વિશે હવે રિઝર્વ બેન્ક કાર્યવાહી કરી રહી છે. રિઝર્વ બેન્કનાં રિપોર્ટ પ્રમાણે છેલ્લા ૧૦ વર્ષમાં નિષ્ક્રિય ખાતામાં વ્યવહાર ન થયા હોય તેનું લિસ્ટ આપવા બેન્કોને સૂચવવામાં આવ્યું હતું. તેના આધારે જુદા-જુદા ખાતાઓમાં ૪૮,૨૬૨ કરોડ જમા હોવાનું માલૂમ પડ્યું છે.

ગુજરાત, તામીલનાડુ, પંજાબ, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક, બિહાર, તેલંગાણા અને આંધ્રપ્રદેશની બેન્કોમાં સૌથી વધુ આવા નાણાં હોવાનું બહાર આવ્યું છે. વાર્ષિક રિપોર્ટમાં જણાવાયા મુજબ એક જ વર્ષમાં લાવારીસ નાણાની માત્રામાં ૯૦૦૦ કરોડ જેવો મોટો વધારો થયો છે. ૨૦૨૦-૨૧માં બેન્કોમાં ૩૯,૨૬૪ કરોડ હતા તેનું કોઈ દાવેદાર ન હતું. ૨૦૨૧-૨૨માં આ રકમ વધીને ૪૮,૨૬૨ કરોડ થઈ છે.













# વડિયાના સુરગપરાનો ગટર પ્રશ્ન ૮ દિવસમાં ઉકેલવા તંત્રની ખાતરી

વડિયા, તા. ૨૭

વડિયાના સુરગપરા વિસ્તારમાં ગટરોમાં પડેલા ગાબડાના પ્રશ્ને અખબારી અહેવાલ પ્રસિદ્ધ થતા તંત્ર હરકતમાં આવ્યું હોય તેમ તાલુકા પંચાયતના સર્કલ ઓફિસરે સરપંચ અને તલાટીને સાથે રાખી સ્થળની મુલાકાત કરી હતી અને આ પ્રશ્ન ૮ દિવસમાં ઉકેલવાની ખાતરી ઉચ્ચારી હતી. સ્થળ મુલાકાત બાદ તેમણે પોતે જ આ સ્થિતિમાં અકસ્માત સર્જાઈ શકે તેવું સ્વીકાર્યું હતું. બીજી તરફ લોકોના જણાવ્યા પ્રમાણે આ પ્રશ્ન વર્ષો જૂનો છે અને અનેક વખત ગટરનું રિપેરીંગ કામ થયું પરંતુ સારૂ મટીરિયલ્સ વાપરવામાં આવે તે જરૂરી છે.


તસ્વીર : કિરીટ જોટવા

# ગુજકોમાસોલના ચેરમેન તરીકે બિનહરીફ થવા બદલ દિલીપ સંઘાણીને અભિનંદન પાઠવતા જનક તળાવિયા

અમરેલી, તા. ૨૭

દિલીપભાઈ સંઘાણી ગુજકોમાસોલના ચેરમેન પદે બિનહરીફ જાહેર થતા તેમજ ખેતપેદાશોના ટેકાના ભાવો નક્કી કરવા માટેની સરકારની મહત્વપૂર્ણ સમિતિમાં સ્થાન મેળવતા તેમને જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન જીતુભાઈ ડેર, જિલ્લા પંચાયત સદસ્ય ભરતભાઈ સુતરીયા સહિત જિલ્લા ભાજપના આગેવાન જનકભાઈ તળાવીયા દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ તકે દિલીપભાઈ સંઘાણીએ ઉપસ્થિત આગેવાનોને મિઠાઈ ખવરાવી મોં મીઠા કરાવ્યા હતા અને અભિનંદન પાઠવવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.



# વાંઝા જ્ઞાતિ યુવક મંડળ-અમરેલી દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

અમરેલી, તા. ૨૭

અમરેલી વાંઝા જ્ઞાતિ યુવક મંડળ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મુજબ ઈનામ આપવામાં આવ્યા હતા. આ તકે સમાજના પ્રમુખ ડો. મધુભાઈ ભરખડા, ભાર્ગવભાઈ વાજા, આશીષભાઈ જાદવ, મયુરભાઈ વાકોતર સહિતના સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# સરકારે જીવન જરૂરી વસ્તુઓ પર જીએસટી નાખી પતનની શરૂઆત કરી : મનીષ ભંડેરી

અમરેલી, તા. ૨૭

કેન્દ્ર સરકાર દ્વારા દૂધ, દહીં અને છાશ જેવી જીવન જરૂરી ચીજ-વસ્તુઓ પર ૫% જીએસટી નાખવામાં આવતા અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષભાઈ ભંડેરીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, દ્વાપર યુગમાં સત્તાના મદમાં ભાન ભૂલેલા મથુરાના રાજા કંસે જનતા પાસેથી દૂધ, દહીં, છાશ જેવી વસ્તુઓ પર દાણ વસુલીને પોતાનો વિનાશ નોતર્યો હતો તેમ હાલની કેન્દ્રની સરકારે જીવન જરૂરી વસ્તુઓ પર જીએસટી નાખી પોતાના પતનની શરૂઆત કરી દીધી છે.



# લમ્પી વાયરસને પગલે અમરેલી જિલ્લામાં ૮૩ પશુઓની સારવાર

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં લમ્પી વાયરસને પગલે અત્યાર સુધીમાં ૫,૩૫૨ પશુઓનું રસીકરણ થઈ ચૂક્યું છે, જ્યારે ૮૩ પશુઓને સારવાર આપવામાં આવી છે. ખાસ કરીને ઈશ્વરીયા, નાનીકુંડળ, કરિયાણા, ખારા અને દામનગરમાં જિલ્લા પશુપાલન કચેરી દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લામાં ૨૮૦ પશુઓ લમ્પીથી અસરગ્રસ્ત થયા હતા, જેમાંથી હાલ ૧૯૭ પશુઓ સાજા થઈ ગયા છે.



# ધારીમાં ઈશુદાન ગઢવીનો જનસંવાદ કાર્યક્રમ, સરકાર પર પ્રહારો કર્યા

ધારી, તા. ૨૭

આમ આદમી પાર્ટીના જનરલ સેક્રેટરી ઈશુદાન ગઢવી અમરેલી જિલ્લાના પ્રવાસે છે ત્યારે ધારી ખાતે તેમનો જનસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે ધારીના આપ હોદ્દેદારો, કાર્યકરો તથા શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઈશુદાન ગઢવીએ ધારી અને બગસરાના મતદારોને આપને મત આપી જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં ધારી-બગસરાને સિંગાપુર બનાવવાનો આમ આદમી પાર્ટીનો ધ્યેય છે. આ સાથે તેમણે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.



# શિક્ષણ અને પોષણ ક્ષેત્રે મોટી કુંકાવાવ ગ્રામ પંચાયત દ્વારા અનોખી પહેલ

અમરેલી, તા. ૨૭

મોટી કુંકાવાવ ગ્રામ પંચાયત દ્વારા શિક્ષણ અને પોષણ ક્ષેત્રે અનોખી પહેલ કરવામાં આવી છે. જેમાં ગ્રામ પંચાયતના કર્મચારીઓ દ્વારા ગામના કોઈ વિદ્યાર્થીઓ શાળાએ કે આંગણવાડીમાં ન જાય તો તે અંગે ગ્રામ પંચાયતમાં જાણ કરવામાં આવે છે અને ગ્રામ પંચાયત દ્વારા જે-તે બાળકના ઘરે જઈ તેના વાલીને વિશેષ કાળજી લેવા તથા શિક્ષણના મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. આ સાથે શાળા કે આંગણવાડીએ ન જતા બાળકોને પણ શિક્ષણનું મહત્વ સમજાવી શાળા, આંગણવાડીઓમાં જવા સમજાવવામાં આવી રહ્યા છે. ગ્રામ પંચાયતની આ અનોખી પહેલની સરાહના થઈ રહી છે.



# સાવરકુંડલા આસોપાલવ સોસાયટીમાં વિવિધ પ્રશ્ને ચીફ ઓફિસરને રજૂઆત

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલ આસોપાલવ સોસાયટીમાં નવો રોડ બનાવવા તથા સફાઈ કામદારો નિયમિત આવે તે માટે કાર્યવાહી કરવા સ્થાનિકો દ્વારા ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં આજદિન સુધી પાકો રોડ બનાવવા અંગે કોઈ કાર્યવાહી થયેલ નથી.

વધુમાં જણાવ્યું છે કે, હાલમાં ચોમાસાની સિઝન શરૂ હોય અને ખાડાઓમાં પાણી ભરાઈ રહેતા હોવાથી રસ્તા પરથી ચાલવુ મુશ્કેલ બનેલ છે. તેમજ આ વિસ્તારમાં સાફસફાઈ માટે કોઈ કામદારો આવતા ન હોય જેથી ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળે તેમ હોય, આ પ્રશ્નો હલ કરવામાં આવે.

# આરોગ્ય વિભાગે શિયાળબેટ ખાતે જઈ લોકોને આરોગ્યલક્ષી સેવા પૂરી પાડી

અમરેલી, તા. ૨૭

જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અહીંના લોકોને આરોગ્યલક્ષી સેવા મળી રહે તેવા અભિગમ સાથે બોટ મારફત શિયાળબેટ સ્થિત સબ સેન્ટર જઈ અહીંના લોકોને આરોગ્યલક્ષી સેવા અને યોજનાકીય સહાય તેમજ લાભ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સાથે આરોગ્ય તપાસ, દવાઓ, રસીકરણ સહિતની કામગીરી કરવામાં આવી હતી. આરોગ્ય શાખા દ્વારા આ અંગે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. લોકોએ મોટી સંખ્યામાં આ સેવાનો લાભ લીધો હતો.



# રાભડા પ્રાથમિક શાળામાં લાઈફસ્કિલ તથા બાળમેળો



અમરેલી, તા. ૨૭

રાભડા પ્રા. શાળામાં લાઈફસ્કિલ તથા બાળમેળાનું આયોજન કરાયું હતું. આ તકે શાળાના આચાર્ય પ્રફુલચંદ્ર, ગૌરવભાઈ, લાભુશંકર ઓઝા, મોહનભાઈ, કિશોરભાઈ તથા અસ્મિતાબેન સહિત ઉપસ્થિત રહ્યા હતા.










## બોટાદ જિલ્લામાં લઠ્ઠાકાંડે ૫૭ના જીવ લીધા આ ઘટનામાંથી પોલીસ કે નેતાઓ કોઈ બોધ લેશે કે પછી?

# અમરેલી જિલ્લામાં દારૂનું દૂષણ ક્યારે દૂર થશે ?



### બુટલેગરોને પોલીસનો કોઈ ડર છે કે પછી અમુક પોલીસ કર્મચારીઓ કે આગેવાનોની મીઠી નજર નીચે ચાલે છે દેશી દારૂનો કારોબાર : લોકોમાં ચર્ચાતો સવાલ

અમરેલી,તા.૨૭

ગત સોમવાર બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં પ્યાસીઓએ રોજની માફક બે રોકટોક દેશી દારૂની કોથળીઓ લઈ ગટગટાવી લીધી હતી પરંતુ બીજા દિવસે એટલે કે મંગળવારના રોજ દેશી(ઝેરી)દારૂએ પોતાનો પરચો આપવાનો શરૂ કરી દીધો હતો. અંદાજે ૧૦૦ જેટલા લોકોએ બોટાદ, અમદાવાદ અને ધંધુકા તાલુકામાં દારૂ પીધો હતો તેવા તમામને દેશી(ઝેરી)દારૂની અસર થવા લાગી હતી. દારૂ પીધા બાદ પરિવાર હજુ કંઈ સમજે ત્યાં તો ટપોટપ પ્યાસીઓ પડવા લાગ્યા અને અમુકે તો હજુ સારવાર માટે દવાખાને પહોંચે તે પહેલા જ દમ તોડી દેતા બરવાળા પંથકમાં લઠ્ઠાકાંડ થયો હોવાની ઘટના સામે આવતા અત્યાર સુધી બુટલેગરો માટે લાલ જાજમ પાથરનાર પોલીસ સફાળી જાગી ગઈ હતી અને તાત્કાલિક પોલીસના ઉચ્ચ અધિકારીઓએ બોટાદ જિલ્લામાં ધામા નાખ્યા હતા. પોલીસ હજુ ઘટનાના મૂળ સુધી પહોંચે ત્યાં તો ૪૮ કલાકમાં દેશી(ઝેરી)દારૂ પીવાથી ૫૭ લોકો મોતને ભેટ્યા હતા. આ ઘટનાએ સમગ્ર દેશ અને રાજયમાં ચકચાર મચાવી દીધી હતી. રાજકીય નેતાઓ પણ તાત્કાલિક બોટાદ જિલ્લામાં પહોંચી ગયા હતા અને કડક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા હતા તો દર વખતની જેમ વિપક્ષને પણ સરકારને ઘેરવાનો મોકો મળ્યો હોય તેમ રાજય સરકારને જવાબદાર ઠેરવી મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. આ તમામ બાબતો ભલે બોટાદ જિલ્લામાં બની હોય પરંતુ બોટાદ જિલ્લાની સરહદ પર જ અમરેલી જિલ્લો આવ્યો હોય ત્યારે બોટાદની આ ઘટના પરથી અમરેલી જિલ્લા પોલીસ કે નેતાઓ કોઈ બોધ લેશે કે કેમ? તે પણ એક સવાલ છે. અમરેલી જિલ્લામાં દરરોજ પોલીસ બેવડાઓને પકડી લોકઅપની હવા ખવડાવે છે. જો કે પ્યાસીઓ દારૂ કયાંથી લઈ આવે છે તે દિશામાં કોઈ જ તપાસ કરવામાં આવતી નથી. જો અમરેલી પોલીસ હવે બુટલેગરો સામે કડક કાર્યવાહી હાથ ધરે તો ફરીથી આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય પરંતુ પોલીસને કડક કાર્યવાહી કરતા કોણ રોકી રહ્યુ છે તે દિશામાં પણ તપાસ કરવાની જરૂર છે.

### અમરેલી જિલ્લામાં દેશી દારૂનું ચલણ વધ્યું

અમરેલી જિલ્લામાં હાલ મોસમ ચાલી રહી છે. મોસમમાં પેટિયું રળવા અનેક પરપ્રાંતીયો આવ્યા છે. જેમાંના મોટાભાગના દેશી દારૂ પીવાની ટેવ ધરાવતાં હોય છે. દારૂના નશામાં આ લોકો ગામમાં અને તેમના પરિવાર સાથે બબાલ કરતાં હોવા છતાં ભાગ્યે જ મામલો પોલીસ સુધી પહોંચે છે. છેલ્લા થોડા વર્ષોથી અમરેલી જિલ્લામાં દેશી દારૂનું ચલણ વધ્યું છે. લગભગ તમામ ગામડાઓમાં આ બદી ઘર કરી ગઈ છે. રાત પડતાંની સાથે જ પ્યાસીઓ તેમની નિશ્ચિત જગ્યાએ આવીને નશો કરે છે.





### ચૂંટણી નજીક આવે એટલે દારૂની રેલમછેલ

રાજયમાં ગ્રામ પંચાયતથી લઈ સાંસદ સુધીની ચૂંટણી આવે એટલે હવે ગાંધીના ગુજરાતમાં ગમે તેટલી દારૂબંધી હોય ગમે ત્યાંથી માંગો ત્યારે દારૂની બોટલો મળી જાય છે. રાજકીય પક્ષના કાર્યકરોને તો ચૂંટણી સમયે જલસો પડી જાય છે. ચૂંટણી લડતા ઉમેદવારો પાસેથી અમુક કાર્યકરો બિન્દાસ્ત દારૂની બોટલની ઉઘરાણી કરતા હોય છે. જો કે આ તમામ બાબતનો વહીવટ કોઈ એક આગેવાનને સોંપવામાં આવે છે અને કાર્યકરોને સાચવવા માટે દારૂની બોટલની વ્યવસ્થા કરવી પડતી હોય ત્યારે ચૂંટણી નજીક આવતા જ દારૂની રેલમછેલ જોવા મળતી હોય છે.

### બુટલેગરોને કોના આશીર્વાદ ?

અમરેલી જિલ્લામાં પોલીસ પીધેલા સામે કડક કાર્યવાહી કરે છે. અમુક બુટલેગરો પણ પોલીસના હાથે ઝડપાઈ જાય છે આમ છતાં જિલ્લામાં બેફામ દારૂ વેચાઈ અને પીવાઈ રહ્યો છે ત્યારે પોલીસની આટલી કડક કાર્યવાહી હોવા છતાં બુટલેગરો ફરી આ ધંધામાં સક્રિય થઈ જાય છે. બુટલેગરોને પોલીસનો ડર નથી ત્યારે તેમને કોના આશીર્વાદ છે તે વિચારણીય બાબત છે.

પ્રતિકાત્મક તસ્વીર

### ધારી પંથકમાંથી હજારો બોટલ વિદેશી દારૂ પકડાયો

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના એક ગામડામાંથી થોડા દિવસો પહેલા હજારો બોટલ વિદેશી દારૂ પોલીસની સતર્કતાથી પકડાયો હતો. પોલીસ દારૂ પકડવા માટે કડક કાર્યવાહી પણ કરે છે આમ છતાં કોના છુપા આશીર્વાદથી અમરેલી જિલ્લામાં આટલી મોટી સંખ્યામાં વિદેશી દારૂની સપ્લાય થાય છે તે તપાસનો વિષય છે.

### સામાન્ય જનતા પાસે માહિતી, પોલીસ અજાણ!!!

અમરેલી જિલ્લાના કોઈપણ તાલુકામાં દેશી કે વિદેશી દારૂ આરામથી મળી જતો હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યાં છે. દેશી અને વિદેશી દારૂ કયાં મળે છે તેની તમામ માહિતી સામાન્ય જનતા પાસે હોય છે પરંતુ બાતમીદારોના નેટવર્કના આધારે કડક કાર્યવાહી કરતા પોલીસ પાસે કયા સ્થળે દારૂ વેચાય છે તેની માહિતી હોય નહી તે પણ એક તપાસનો વિષય છે.

### જિલ્લામાં રાત પડતાની સાથે દારૂની ભઠ્ઠીઓ ધમધમવા લાગે છે

અમરેલી જિલ્લાના આ ગામડાઓમાં અંધારું થવાની સાથે જ દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ધમધમવા લાગે છે. અહીંથી દારૂ તૈયાર કરીને બુટલેગરોને મોકલવામાં આવે છે. કેટલાક ગામડાઓમાં મહિલાઓ પણ દારૂનું વેચાણ કરે છે. અમરેલી જિલ્લામાં પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતાં ઇસમો સામે પાસા વોરંટ તૈયાર કરીને જેલમાં ધકેલવાના સમાચાર નિયમિત પ્રસિદ્ધ થતાં રહે છે પરંતુ આ દિશામાં કોઈ નક્કર કામગીરી થતી નથી. જ્યારે આવી કોઈ ઘટના સામે આવે ત્યારે તંત્ર સફાળું જાગે છે અને કાર્યવાહી નામનું રૂપાળું નાટક કરે છે. અમરેલી જિલ્લામાંથી પણ મોટા પાયે દારૂનો જથ્થો, હેરાફેરી કરતાં ઈસમો પોલીસ ઝપટે ચડે છે. પોલીસ દ્વારા પણ થોડા દિવસો સુધી કડકાઈ દાખવવામાં આવ્યા બાદ ઢીલ મુકતાની સાથે જ ફરીથી પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતાં ઇસમો સક્રિય થઈ જાય છે અને આ જ કારણે અમરેલી જિલ્લામાં પણ ક્યારેક લઠ્ઠાકાંડ સર્જાઈ શકે છે.

### પરપ્રાંતીયોની નશાની ટેવ જિલ્લામાં પણ સર્જી શકે છે લઠ્ઠાકાંડ

અમરેલી જિલ્લામાં ખેતીવાડીના વ્યવસાયમાં મોટાભાગે પરપ્રાંતીયો કામ કરી રહ્યા છે. પરપ્રાંતીયોમાં છેલ્લા ઘણા સમયથી દારૂ પીવાનું ચલણ ખુબ વધ્યું છે. જિલ્લામાં દારૂ ક્યાં મળે છે તે વાતથી પરપ્રાંતીયો અજાણ હોવાથી પરપ્રાંતીયોને તેમના કામના સ્થળે જ બુટલેગરો દ્વારા દેશી દારૂની કોથળીઓ પહોંચાડવામાં આવતી હોવાની માહિતી પણ મળી છે.

### દારૂડિયાઓના કારણે બહેન - દીકરીઓ રાતના સમયે બહાર નીકળી શકતી નથી

રાજ્યમાં કડક દારૂબંધી હોવા છતાં પણ સર્જાયેલા લઠ્ઠાકાંડ બાદ અમરેલીવાસીઓની સાથે સામાન્ય જનતા માની રહી છે કે, આટલી મોટી ગંભીર ઘટના અને સરકારની ચૂક હોવા છતાં પણ બે ચાર પોલીસને સસ્પેન્ડ કરી, ૧૦-૧૫ બુટલેગરોની ધરપકડ કરી, મૃતકોના સગાઓને સહાય ચૂકવી મામલો પૂરો કરી દેવામાં આવશે. ફરી જ્યારે આવો લઠ્ઠાકાંડ સર્જાશે ત્યારે જોયું જશે એમ માની સરકાર અને તંત્ર ચૂપ થઈ જશે. અમરેલી જિલ્લાના ઘણા ગામડામાં દેશી દારૂના બંધાણીઓ શેરીઓમાં તોફાન કરતાં હોય છે અને તેના કારણે બહેન-દીકરીઓ અંધારું થયા બાદ બહાર પણ નથી નીકળી શકતી. તંત્ર આ બધું જાણતું હોવા છતાં આંખ આડા કાન કરે છે.

# રાજુલા તાલુકામાં રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘની રચના કરાઈ

રાજુલા, તા.૨૭

રાજુલા તાલુકામાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘની રચના કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ પદે રોબિનભાઈ પટેલ, મહામંત્રી તરીકે મુકેશભાઈ રાઠોડ, સંગઠન મંત્રી પ્રકાશકુમાર પટેલ, કારોબારી સભ્ય રાજેશકુમાર સાકરિયા, સહ સંગઠનમંત્રી નરેશભાઈ મકવાણા, ઉપાધ્યક્ષ નરેશભાઈ ડોડીયા, મહિલા ઉપાધ્યક્ષ નિમિષાબેન ભંડેરી, મહિલા મંત્રી દીપિકાબેન પટેલ, કોષાધ્યક્ષ નીલયભાઈ પટેલ, પ્રચારમંત્રી દિનેશભાઈ ગુજરીયા, આંતરિક ઓડિટર રણજીતસિંહ મકવાણા સહિત સભ્યોની વરણી કરવામાં આવી હતી. આ તકે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ જિલ્લા અધ્યક્ષ તથા રાજ્ય સંગઠન મંત્રી મનિષભાઈ સિધ્ધપુરા, વિજયભાઈ મકવાણા, કિશોરભાઈ વરૂ, મનિષભાઈ જાની સહિતે ઉપસ્થિત રહી તમામ શિક્ષકોને રાષ્ટ્રહિત માટે કાર્ય કરવા પ્રોત્સાહિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.



તસવીર : ગોપાલ રાઠોડ


જે.એમ. ફાઈનાન્સીયલ
ગ્રામ પંચાયતના વેરા બિલ ઉપર લોન કરી આપીશું
હોમલોન, મોર્ગેજ લોન, પર્સનલ લોન
તમામ પ્રકારની લોન માટે સંપર્ક કરો...
મો.૮૭૮૦૧ ૩૩૪૧૦

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી







રૂફટોપ સોલાર વસાવો... લાઈટબીલમાંથી છુટકારો મેળવો...
adani Solar
સબસીડી મળવાપાત્ર
ગુજરાતની નંબર વન કંપની, સૌથી વધુ અનુભવી તથા અમારે ત્યાં અવનવી કંપનીના ઈ-બાઈક પણ મળશે તેમજ ઓકીનાવાની તમામ બાઈક મળશે...
ડોકયુમેન્ટ્સ
- આધારકાર્ડ
- લાઈટબીલ
- વેરાબીલ
- કેન્સલ ચેક
- પાસપોર્ટ ફોટો
અદાણી સોલાર
વ્રજ ઈ બાઈક & સોલાર
શિવમ્ પ્લાઝા, જી-૧૭, જુનું માર્કેટયાર્ડ, અમરેલી.
હીરેન વીરડીયા મો. ૯૫૩૭૫ ૦૨૭૭૫
ચેતનભાઈ બોદર મો. ૯૮૭૯૯ ૭૮૭૮૯




### -//સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં//-

મરણ નોંધ પરચુરણ અરજી નં. ૩૨/૨૦૨૨

અરજદાર..(૧)શ્રી માધાભાઈ ભાયાભાઈ વાળા
રે. રાધેશ્યામ સોસાયટી, હાથસણી રોડ, સાવરકુંડલા
(૨)અરજદારના વકીલશ્રી મનોજભાઈ આર. સોંદરવા
રે.સિધ્ધી વિનાયક ચેમ્બર, મહુવા રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા...બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન સાવરકુંડલા નગરપાલિકા કચેરી, તા.સાવરકુંડલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા ગામના રહીશ શ્રી માધાભાઈ ભાયાભાઈ વાળા ના પિતા સ્વ.શ્રી ભાયાભાઈ પાલાભાઈ વાળા નું અવસાન સાવરકુંડલા મુકામે તા.૦૨/૦૮/૧૯૯૩ ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી મરણ રજીસ્ટરની નોંધ નગરપાલિકા કચેરી, સાવરકુંડલા ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારના પિતા સ્વ.શ્રી ભાયાભાઈ પાલાભાઈ વાળા ના મરણ નોંધ સને-૧૯૯૩ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા તા.૧૩/૦૭/૨૦૨૨ ના રોજ આપેલ હતી. છે. જે મુદતે પક્ષકારો હાજર રહેલ ન હોય જેથી ફેરમુદત તા.૨૭/૭/૨૦૨૨ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે.તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. /૦૬/૨૦૨૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા


MARUTI SUZUKI | HYUNDAI | TATA | TOYOTA | Mahindra
કૌશીકભાઈ ૮૩૪૭૯૨૪૬૦૮
જફરભાઈ ૯૭૩૭૨૬૦૫૧૮
નાગનાથ મોટર્સ
કેશલેશ સુવિધા ઉપલબ્ધ
સેલ્સ ▪ સર્વિસ ▪ ઈન્સ્યોરન્સ
ગાડી જૂની લે-વેચ માટે વિશ્વાસપાત્ર સ્થળ...
તમામ ગાડીનું સર્વિસ વર્ક તેમજ બોડી વર્ક (ઈન્સ્યોરન્સ) તેમજ ઓન રોડ, સર્વિસ, બ્રેક ડાઉન વગેરે વિશ્વાસપાત્ર રીતે કરી આપીશું
લાઠી રોડ, બાયપાસ, આલ્ફા મોટર્સની બાજુમાં, અમરેલી






## દિલીપભાઈ સંઘાણીનું સન્માન કરતા એડવોકેટ વિનુભાઈ ડાબસરા

અમરેલી,તા.૨૭



અમરેલી જિલ્લાના સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીની ગુજકોમાસોલના ચેરમેનપદે બિનહરીફ વરણી તેમજ ઈફકો, એનસીયુઆઈ જેવી સહકારી સંસ્થામાં પણ ચેરમેન તરીકે અને કેન્દ્ર સરકારની મહત્વની સમિતિમાં જવાબદારી સંભાળતા હોય ત્યારે અમરેલી જિલ્લા માટે આ ગૌરવની વાત છે. દિલીપભાઈ સંઘાણીએ અમરેલી જિલ્લાનું નામ દેશભરમાં રોશન કર્યુ છે ત્યારે જિલ્લા કોળી સમાજના અધ્યક્ષ અને એડવોકેટ વિનુભાઈ ડાબસરાએ દિલીપભાઈ સંઘાણીનું સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા.

## અમરેલી પાણી દરવાજાથી સોમનાથ મંદિર સુધીના રોડનું ખાતમુહૂર્ત કરાયુ

### જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકરીયા સહિતના આગેવાનોની ઉપસ્થિતિ

અમરેલી,તા.૨૭



અમરેલીના જેસીંગપરા સહિત અનેક ગામડાઓને જોડતો પાણી દરવાજા સ્વામિનારાયણ મંદિરથી સોમનાથ મહાદેવ મંદિર સુધીનો માર્ગ છેલ્લાં ઘણા સમયથી બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. માર્ગ પર ફૂટ-ફૂટના ગાબડાઓ હોવાથી આ માર્ગ બનાવવા માટે અનેકવાર રજૂઆત કરવામાં આવી હતી. જેથી તંત્ર દ્વારા લોકોની રજૂઆતને ધ્યાને લઈ આ માર્ગનું નવીનીકરણ કરવા માટે મંજૂરી અપાઈ હતી. આ માર્ગના નવીનીકરણ માટે આજરોજ ખાતમુહૂર્ત કરાયુ હતું. આ માર્ગ નવો સીસી રોડ બનનાર હોવાથી હવે વાહનચાલકોને હાશકારો થશે. ખાતમુહૂર્તમાં કૌશિકભાઈ વેકરીયા, ભાવેશભાઈ સોઢા, રાજેશભાઈ માંગરોળીયા, પિન્ટુભાઈ કુરૂંદલે, સંદિપ માંગરોળીયા, ગીરીશભાઈ ત્રાપસીયા, હસમુખભાઈ દુધાત, અમીનભાઈ હોત, રાજેશભાઈ પોકળ, ભરતભાઈ હિરપરા સહિતના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

## લાઠીમાં આવેલ ગાગડીયો નદીમાંથી મહિલાની લાશ મળી : તંત્ર દોડ્યું

અમરેલી,તા.૨૭



લાઠીમાં આવેલી ગાગડીયો નદીમાં એક મહિલાની લાશ તરતી હોવાની તંત્રને જાણ થતા તંત્ર દ્વારા ઘટનાસ્થળે જઈ મહિલાની લાશને પાણીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવી હતી. પ્રાથમિક વિગત મુજબ મૃતક મહિલાનું નામ ઉષાબેન શંભુભાઈ કોળી હોવાનું જાણવા મળ્યુ છે. મહિલાનું વતન નાના રાજકોટ હોવાનું તેમજ મહિલા અસ્થિર મગજની હોવાનું બહાર આવ્યુ છે. આ ઘટનાની તપાસ પીએસઆઈ જાડેજા ચલાવી રહ્યાં છે.

## લાઠી તાલુકામાં કરૂણા એમ્બ્યુલન્સમાં વધારો કરવા જનકભાઈ તળાવીયા દ્વારા રજૂઆત

અમરેલી, તા.૨૭



લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વધુ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ(૧૯૬૨) ફાળવવા અમરેલી જિલ્લા ભાજપ આગેવાન જનકભાઈ પી. તળાવીયાએ રાજ્ય સરકારનાં પશુપાલન કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવી લેખિત રજૂઆત કરી છે. જેમાં જણાવ્યું છે કે, હાલ રાજ્યના પ્રાણીઓ ખાસ કરીને ગાયોમાં લમ્પી વાયરસ નામનો ખતરનાક ચેપી રોગ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ત્યારે જિલ્લાના લાઠી તાલુકામાં હાલ ૩ જ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ફાળવેલ છે તથા લાઠી તાલુકામાં ૫૨ જેટલા ગામોનો સમાવેશ થતો હોય આ મહામારીને પહોંચી વળવા કરૂણા એમ્બ્યુલન્સની સંખ્યા ઓછી છે. આ ઉપરાંત તાલુકાના આંબરડી, નારાયણનગર, મેમદા, પીપળવા, રામપર, તાજપર જેવા અનેક ગામો કરૂણા એમ્બ્યુલન્સની સુવિધાથી વંચિત છે. જેથી તાત્કાલિક ધોરણે લાઠીના ગ્રામ્ય વિસ્તારોમાં વધુ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવે તેવી પત્રના અંતે માંગ કરી છે.

## ગરમલી ગામે બીમારીથી કંટાળી મહિલાનો આપઘાત

ચલાલા, તા.૨૭

ગરમલી ગામે બીમારીથી કંટાળીને મહિલાએ ડીઝલ છાંટી અગ્નિસ્નાન કર્યુ હતું. જે બાદ તેનું સારવારમાં મોત થતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આ અંગે ચંપુભાઈ જસાભાઈ જેબલીયા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની કમળાબેન ચંપુભાઈ જેબલીયા (ઉ.વ.૫૨) છેલ્લા છ-સાત વર્ષથી માનસિક બિમારીથી પીડાતા હતા. જેનાથી કંટાળી જઈ પોતાના ઘરના ફરજામાં પડેલ ડીઝલનું કેન લઈ પોતાની જાતે પોતાના શરીર ઉપર ડીઝલ છાંટી દિવાસળી ચાંપી દીધી હતી. જેમાં ગંભીર રીતે દાઝ્યા બાદ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું કરૂણ મોત થયું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ મિહિરભાઈ વિનુભાઈ ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

### બાબરા-ભાવનગર હાઈવે પર

## ટ્રેકટર ચાલકે બાઈક સવારને અડફેટે લેતાં એકનું કરૂણ મોત, એક ઘાયલ

બાબરા, તા.૨૭

અમરેલી જિલ્લામાં બેફામ વાહન ચલાવવાના કારણે ચિંતાજનક રીતે અકસ્માતમાં વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં રોજબરોજ ક્યાંકને ક્યાંક અકસ્માતની ઘટના બનતી રહે છે. રાજકોટના કોટડાસાંગાણી તાલુકાના માણેકવાડા ખાતે રહેતા સુરમલભાઈ ચેતાનભાઈ માંડોદ (ઉ.વ.૨૧) એ જાહેર કર્યા મુજબ, ત્રણ દિવસ પહેલા સાંજે પાંચ કલાકે તેઓ તથા તેમના મિત્ર બાઈક લઈને ગોંડલથી ચાવંડ જતા હતા ત્યારે બાબરાથી આગળ આશરે ત્રણેક કિ.મી. દૂર અલખધણી ગૌશાળા પાસે પહોચતા એક ટ્રેકટર ચાલકે પોતાના હવાલાનું ટ્રોલી સાથેનું ટ્રેકટર ગફલત ભરી રીતે ચલાવી કોઈપણ પ્રકારના સિગ્નલ આપ્યા વગર એકદમ વાળી લઈ તેમને અડફેટે લીધા હતા. જેમાં તેમને માથાના ભાગે ડાબી બાજુ ઈજા થઈ હતી, જ્યારે ચાલકને શરીરે નાની મોટી ઈજા કરી મોત નિપજાવી ટ્રેકટર લઈ નાસી છૂટ્યો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી ટ્રેકટર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત કરતા બાબરા ભાજપના અગ્રણીઓ

બાબરા, તા.૨૭



બાબરા ભાજપના અગ્રણીઓએ ગાંધીનગર ખાતે કેબિનેટ મંત્રી પ્રદિપભાઈ પરમાર અને જિલ્લા પ્રભારી આર.સી. મકવાણાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. તે દરમિયાન ગાંધીનગર સચિવાલય ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિકભાઈ વેકરીયાની પણ મુલાકાત થઈ હતી. આ તકે બાબરા તાલુકા ભાજપ ઉપપ્રમુખ કિરીટભાઈ બગડા, બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ, જયદીપભાઈ મકતરપરા સહિતના અગ્રણીઓ મુલાકાતમાં જોડાયા હતા.

## બરવાળા લઠ્ઠાકાંડ પરથી શીખ લઈ જિલ્લામાં પ્રોહિબીશનની પ્રવૃત્તિને લઈ પોલીસનો સપાટો

### પોલીસે ૩૪ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા

અમરેલી, તા.૨૭

અમદાવાદ જિલ્લાના ધંધુકા અને બોટાદ જિલ્લાના બરવાળામાં થયેલા લઠ્ઠાકાંડ પરથી બોધપાઠ લઈને અમરેલી જિલ્લામાં પોલીસે પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતાં ઈસમો સામે કડક કાર્યવાહી કરી હતી. તાજપર, સાવરકુંડલા, અમરેલી, બગસરા, ડુંગર ટી પોઈન્ટ, જાફરાબાદ, વિજપડી, બાબરા, લુણકી, ભેંસવડી, રાજુલા, ખડાધાર ચેક પોસ્ટ સહિતની જગ્યાએથી ૩૪ ઈસમોને પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા હતા. લાઠીના દામનગરમાંથી એક મહિલા દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી ઝડપાઈ હતી. મહિલાના રહેણાંક મકાનેથી પોલીસે ૧૦ લિટર દેશી દારૂ, ૧૫ લિટર દેશી દારૂ બનાવવાનો આથો સહિત પ્રોહિ. મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગોરડકા ગામેથી એક મહિલાના રહેણાંક મકાનેથી દેશી દારૂ બનાવવાનો ૪૦૦ લિટર આથો ઝડપાયો હતો. આ ઉપરાંત ભેંસવડી-આંબા ગામની સીમમાં શેત્રુંજી નદીના કાંઠેથી ૪૦ લિટર તથા દામનગરમાંથી ૪૦ લિટર મળી ત્રણેય જગ્યાએથી ૪૮૦ લિટર દેશી દારૂ સહિત ૧૨૮૫ રૂપિયાનો મુદ્દામાલ રેઈડ દરમિયાન મળ્યો હતો. અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી ૫ મહિલા સહિત ૧૭ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

## વડિયામાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે હિંડોળા દર્શનનું આયોજન

વડિયા, તા.૨૭



વડિયામાં ભવાની ચોક પાસે આવેલ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે હિંડોળા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આગામી તા.૩૦ અને તા.૩૧ના રોજ પારાયણનું પણ આયોજન કરાયું છે. જેમાં સંતોના મુખેથી કથાવાર્તાનો લાભ પ્રાપ્ત થશે. જેથી હિંડોળા દર્શન અને પારાયણનો ભક્તજનોને લાભ લેવા અનુરોધ કરાયો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ: અમાવાસ્યા(અમાસ), તા.૨૮-૦૭-૨૦૨૨, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૧૬, સૂર્યાસ્ત-૭:૨૬, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૨૮-૦૭-૨૦૨૨ ગુરૂવાર

મેષ: આર્થિક મામલામાં આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. જો તમે રોકાણ કરવા માગતા હો તો આજનો દિવસ સારો રહેશે.

વૃષભ: આજનો દિવસ માનસિક ગૂંચવણવાળો બની શકે છે. તમારે વિવિધ કાર્યો અને યોજનાઓમાં સામેલ થવું પડી શકે છે.

મિથુન: મનોબળ વધુ રહેશે. વિદ્યાર્થીઓએ ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, મન ટેકનિકલ ચીજો તરફ વધુ આગળ વધશે.

કર્ક: આજે તમારા જ્ઞાનનો વિકાસ થશે. કાર્યસ્થળમાં પરિસ્થિતિ સામાન્ય રહેશે, પરંતુ માર્કેટિંગ અને વેચાણથી સંબંધિત લોકો પર લક્ષ્ય દબાણ રહેશે.

સિંહ: દિવસની શરૂઆત રોમાંસથી થશે, પરંતુ વધારે પડતું ખાવાનું ટાળો. કાર્યક્ષેત્રમાં ભૂતકાળના અધૂરા કામ અને લક્ષ્ય પર દબાણ રહેશે.

કન્યા: લોકો માટે ક્ષેત્રમાં જવાબદારીઓનું દબાણ રહેશે, પરંતુ અધિકારીઓનો સહયોગ રહેશે.

તુલા: આજનો દિવસ તમારા માટે પ્રોત્સાહક છે. મોટા ભાઈ-બહેનોનો સહયોગ મળશે. તમે આજે સાહસ અને જોખમી કાર્યમાં પણ હાથ મિલાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ વૃશ્ચિક રાશિના લોકો માટે ઉતાર-ચઢાવથી ભરપૂર રહેશે. ઉતાવળમાં કોઈ મહત્વપૂર્ણ નિર્ણય ના લેશો, નુકસાન થઈ શકે છે.

ધનુ: આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદાયક રહેશે, તમારી મહેનત સફળતાનો આધાર બનશે, નસીબથી વધુ અપેક્ષા ના રાખો.

મકર: આજનો દિવસ સામાન્ય રહેશે. પારિવારિક જીવનનો આનંદ માણી શકશો, જીવનસાથીનો સહયોગ મળશે.

કુંભ: આજે તમારું રોકાયેલુ કામ ચાલશે, તમારા ભાઈ-બહેનો સાથે સહયોગ અને સંકલન રહેશે. કોઈ રસિક કામ હાથમાં આવતા તમે આનંદિત થશો.

મીન: તમને આજે ક્ષેત્રમાં ટેકનિકલ જ્ઞાન અને અનુભવનો લાભ મળશે. તમને ધર્મમાં રસ રહેશે. કોઈ જૂના મિત્ર અને સંબંધીનો સંપર્ક કરી શકો છો.

## બાબરામાં ફોરવ્હીલમાંથી ધૂળ, કચરો સાફ કરવાની ના પાડતાં ઝાપટ મારી

બાબરા, તા.૨૭

બાબરામાં રહેતા હનીફભાઈ ગનીભાઈ માળવીયા (ઉ.વ.૪૮)એ તેમની પડોશમાં રહેતા ઈમરાનભાઈ અહેમદભાઈ સૈયદ સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની વિગત પ્રમાણે, તેમની પડોશમાં રહેતા ઈમરાનભાઈ અહેમદભાઈ સૈયદે તેમની ગાડીમાં તેના દીકરાને બેસાડી કચરો તેમજ ધૂળ સાફ કરવાનું કહ્યું હતું. જેથી તેમના દીકરાએ ગાડી સાફ કરવાની ના પાડતાં ગાલ પર ઝાપટ મારી, મુંઢ ઈજા પહોંચાડી ગાળો આપી જતા રહ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. બી. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

## મોટા સમઢીયાળા ગામે યુવકે ઝેરી દવા પીધી

અમરેલી, તા.૨૭

ખાંભાના મોટા સમઢીયાળા ગામે રહેતા ધારસિંહ ઉર્ફે મગનભાઈ અભુભાઈ ચારોલીયા (ઉ.વ.૨૦) એ જાહેર કર્યા મુજબ, તેઓ તેમના ગામમાં ચોરી કરવા ગયા હતા ત્યારે મહિલા જાગી જતાં દંપતીને માર મારીને ભાગી ગયો હતો. આ બનાવ અંગે પોલીસ પકડી લેશે તેવી બીક લાગતાં પોતાની મેળે ખડ બાળવાની ઝેરી દવા પી લીધી હતી.

## ખાંભા સહજાનંદ ગુરૂકુળ ખાતે ભાજપ પરિવાર દ્વારા કારોબારી બેઠક યોજાઈ

રાજુલા,તા.૨૭



ખાંભા સહજાનંદ ગુરૂકુળ ખાતે ભાજપ પરિવાર દ્વારા કારોબારી બેઠક યોજાઈ હતી. તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ શેલડીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમ, હિંમતભાઈ પડશાળા, દીપભાઈ રૈયાણી,શુકલભાઈ બલદાણીયા, તાલુકા ભાજપના હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા.






**તંત્રી સ્થાનેથી**

# ડૉક્ટર અબ્દુલ કલામને સલામ

ભારતના મિસાઈલ મેન અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, ભારત રત્ન, ડૉ. એ.પી.જે અબ્દુલ કલામને દિલથી યાદ કરવાનો દિવસ છે.એ.પી.જે. અબ્દુલ કલામ ભારતના એરોસ્પેસ વૈજ્ઞાનિક હતા અને ઈ.સ. ૨૦૦૨થી ૨૦૦૭ સુધી ભારતના રાષ્ટ્રપતિ પદે રહ્યા હતા. તેમનો જન્મ અને ઉછેર તમિલનાડુ રાજ્યના રામેશ્વરમ ખાતે થયો હતો.

એપીજે અબ્દુલ કલામનો જન્મ ૧૫ ઓક્ટોબર ૧૯૩૧ના રોજ તમિલનાડુના રામેશ્વરમ ખાતે થયો હતો. તેમનો જન્મ તમિલ મુસ્લિમ પરિવારમાં થયો હતો. અબ્દુલ કલામ પાંચ ભાઈ-બહેનોમાં સૌથી નાના હતા. કલામે નાનપણથી જ તેમના પરિવારને હંમેશા મદદ કરી હતી. તેમને નાનપણથી જ અભ્યાસમાં ખૂબ જ રસ હતો, મુખ્યત્વે ગણિતમાં. શાળાના દિવસોથી કલામને તેજસ્વી અને મહેનતુ વિદ્યાર્થીઓમાંના એક તરીકે વર્ણવવામાં આવ્યા હતા.

કલામ તેમના અભ્યાસ જીવનમાં ખૂબ જ ગંભીર અને મહેનતુ હતા, તેમના શાળાના શિક્ષકોએ વર્ણવ્યા મુજબ તેમનામાં શીખવાની ઈચ્છા હતી. તેણે શ્વાર્ટ્ઝ હાયર સેકન્ડરી સ્કૂલ નામની રામનાથપુરમમાં એક ઉચ્ચ માધ્યમિક શાળામાં મેટ્રિકનો અભ્યાસ કર્યો. ૧૯૫૫ ના વર્ષમાં, તેઓ તિરુચિરાપલ્લીની સેન્ટ જોસેફ કોલેજમાંથી ભૌતિકશાસ્ત્રના સ્નાતક બન્યા. તે પછી, તેઓ વધુ અભ્યાસ માટે મદ્રાસ ગયા, મદ્રાસ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીમાંથી તેમણે એરોસ્પેસ એન્જિનિયરિંગ કર્યું.

ફાઈટર પાઈલટ કોલ્ડ બનવાનું તેનું સપનું પૂરું ન થયું કારણ કે IAFમાં માત્ર આઠ જ હોદ્દા ઉપલબ્ધ હતા અને તે નવમા સ્થાને આવ્યો. સ્નાતક થયા પછી, તેઓ ''સંરક્ષણ સંશોધન અને વિકાસ સેવા'' ના સભ્ય બન્યા અને વૈજ્ઞાનિક તરીકે ''એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ'' માં જોડાયા.

ડૉક્ટર કલામનો માનવીય પક્ષ બહુ મજબૂત હતો, એક વાર તેઓ શિયાળામાં રાષ્ટ્રપતિભવનના ગાર્ડનમાં ટહેલતા હતા. તેમણે જોયું કે સુરક્ષાગાર્ડની કેબિનમાં હીટિંગની કોઈ વ્યવસ્થા નથી અને હાડ થીજવતી ટાઢમાં સુરક્ષાગાર્ડ ઠૂંઠવાતા હતા. તેમણે તરત સંબંધિત અધિકારીઓને બોલાવ્યા અને ગાર્ડની કેબિનમાં શિયાળામાં હીટર અને ગરમીના દિવસોમાં પંખો લગાવવાની વ્યવસ્થા કરાવી. એસ. એમ. ખાને વધુ એક કિસ્સો સંભળાવ્યો, "એક વાર મુઘલ ગાર્ડનમાં ટહેલતી વખતે તેમણે જોયું કે એક મોર મોઢું ખોલી શકતો નથી." "તેમણે તરત રાષ્ટ્રપતિભવનના વેટરનરી ડૉક્ટર સુધીર કુમારને બોલાવીને મોરના સ્વાસ્થ્યની તપાસ કરવા કહ્યું. તપાસ કરતાં ખબર પડી કે મોરના મોઢામાં ગાંઠ છે, જેના કારણે તે ન તો મોં ખોલી શકે છે, ન તો બંધ કરી શકે છે." "તે કશું ખાઈ શકતો નહોતો અને તકલીફમાં હતો. કલામના કહેવા પર ડૉક્ટર કુમારે એ મોરની તત્કાળ સર્જરી કરી અને તેની ગાંઠ કાઢી નાખી." "એ મોરને કેટલાક દિવસ સુધી આઈસીયુમાં રાખવામાં આવ્યો અને સંપૂર્ણ ઠીક થઈ જતાં તેને મુઘલ ગાર્ડનમાં છોડવામાં આવ્યો." જાણીતા પત્રકાર રાજ ચેંગપ્પા પોતાના પુસ્તક 'વેપન્સ ઑફ પીસ'માં લખે છે, "એ બેઠકમાં જ્યારે ઈંદિરા ગાંધીએ કલામનો અટલ બિહારી વાજપેયીથી પરિચય કરાવ્યો ત્યારે તેઓ કલામ સાથે હાથ મિલાવવાને બદલે તેમને ગળે મળ્યા." "ઈંદિરા ગાંધી મજાકમાં હસ્યાં અને વાજપેયી પર વ્યંગ કરતાં કહ્યું, 'અટલજી, કલામ મુસલમાન છે.' તો વાજપેયીએ જવાબ આપ્યો, 'જી હાં, પણ તેઓ પહેલાં ભારતીય છે અને એક મહાન વૈજ્ઞાનિક છે.'" ૧૮ દિવસ બાદ જ્યારે વાજપેયી બીજી વાર વડા પ્રધાન બન્યા ત્યારે તેમણે કલામને પોતાના મંત્રીમંડળમાં સામેલ થવાનું ઈજન આપ્યું.

જો કલામ રાજી થઈ ગયા હોત તો વાજપેયીને એક કાબેલ મંત્રી મળ્યા હોત અને ભારતના મુસલમાનોમાં એક સંદેશ ગયો હોત કે તેમને ભાજપ સરકારમાં નજરઅંદાજ નહીં કરાય. કલામે આ પ્રસ્તાવ પર આખો દિવસ વિચાર કર્યો, બીજા દિવસે તેમણે વાજયેપીને મળીને વિનમ્રતાપૂર્વક આ પદનો અસ્વીકાર કર્યો. તેમણે કહ્યું કે રક્ષાશોધ અને પરમાણુ પરીક્ષણ કાર્યક્રમ તેના અંતિમ તબક્કામાં છે. તેઓ પોતાની વર્તમાન જવાબદારીને નિભાવીને દેશની ઉત્તમ સેવા કરી શકે છે.' બે મહિના બાદ પોખરણમાં પરમાણુ વિસ્ફોટ બાદ એ સ્પષ્ટ થઈ ગયું કે કલામે એ પદ કેમ નહોતું સ્વીકાર્યું. ગૌરવની વાત છે કે સૌરાષ્ટ્ર આસપાસ રાજ્ય દૈનિકને ડોક્ટર અબ્દુલ કલામના હસ્તે કેસીકે એવોર્ડ પ્રાપ્ત થયો હતો. કલામ કદાચ ભારતના પ્રથમ બિનરાજકીય રાષ્ટ્રપતિ હતા. તેમની સમકક્ષ કોઈને રાખી શકાય તો એ હતા ડૉક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણન.

# બંગાળની એક સામાન્ય અભિનેત્રી કરોડપતિ કેવી રીતે બની??

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

એક સામાન્ય અભિનેત્રી ખૂબ ટૂંકા ગાળામાં કરોડો રૂપિયા કેવી રીતે ભેગા કરી શકે એવો સવાલ આજે સામન્ય લોકોના મનમાં ઉઠી રહ્યો છે. આજે માનવી દિનરાત તનતોડ મહેનત કરે ત્યારે માંડ માંડ પરિવારનું ગુજરાન ચલાવી શકે છે ત્યારે રાજકારણમાં ઘુસી સામાન્ય વ્યક્તિ પણ ટૂંકા ગાળામાં ધનના ઢગલા કેવી રીતે કરી શકે તે વસ્તુ લોકોને સમજાતી નથી. આ એક એવું રહસ્ય છે જે રાજકારણમાં પડે એને જ સમજાય. રાજકારણમાં સંબધો કેવા તકલાદી હોય તે વર્તમાન ઘટના પરથી જાણી શકાય છે. મમતા બેનરજી સાથે જોડાયેલા ટોચના નેતાઓ પણ સમય આવે ત્યારે સાથ નથી આપતા. જાણે અર્પિતાને ઓળખતા જ ન હોય તે રીતે સ્પષ્ટ જણાવી દીધું કે અમારે એટલે કે ટીએમસીને આ બાબત સાથે કોઈ લેવાદેવા જ નથી.!!!!

પશ્ચિમ બંગાળના ધરપકડ કરાયેલા કેબિનેટ મંત્રી પાર્થ ચેટરજીની ખૂબ જ નજીકની મહિલા સાથી અભિનેત્રી અર્પિતા મુખર્જી ખરાબ રીતે કાયદાની ચુંગાલમાં ફસાઈ ગઈ છે. જાણકારી અનુસાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનો દાવો છે કે તેમના નામે ઓછામાં ઓછી ૧૨ શેલ કંપનીઓ ચાલી રહી છે. નોંધપાત્ર વાત એ છે કે, અર્પિતાના ઘરેથી ૨૨ કરોડ રૂપિયાની રોકડ ઉપરાંત કિંમતી વસ્તુઓ અને દસ્તાવેજો મળી આવ્યા છે, ત્યારબાદ ED એ તેની ધરપકડ કરી છે. આ સમયે, સોશિયલ મીડિયા પર આવી ઘણી તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં તે પશ્ચિમ બંગાળના શાસક ટીએમસીના ટોચના નેતાઓ સાથે રાજકીય મંચ પર જોઈ શકાય છે. જોકે, ટીએમસી તેમને ટાળી રહી છે. હવે અર્પિતાએ પણ ટીએમસી સાથેના સંબંધો અંગે મોઢું ખોલ્યું છે. પશ્ચિમ બંગાળમાં શિક્ષા ભરતી ગોટાળાની ચર્ચા થઈ રહી છે. આ ભરતી ગોટાળાની તપાસ રાજ્ય સરકાર અને મંત્રીઓ સુધી પહોંચી ગઈ છે. મમતા બેનર્જીની સરકારમાં મંત્રી પાર્થ ચેટર્જીની નજીકની વ્યક્તિ અર્પિતા મુખર્જીના ઘરે ED એ દરોડા પાડીને ૨૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. પાર્થ ચેટર્જીના ઘરે પણ શુક્રવારથી દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ તમામ તપાસ વચ્ચે સવાલ ઊભા થઈ રહ્યા છે કે, અર્પિતા મુખર્જી કોણ છે ? અને પાર્થ ચેટર્જી સાથે કેવી રીતે જોડાયેલા છે ?

મમતા બેનર્જી સરકારમાં કેબિનેટ મંત્રી પાર્થ ચેટરજીની નજીકની સહયોગી અર્પિતા મુખર્જીને કોલકાતાની વિશેષ અદાલતમાં રજૂ કરવામાં આવી હતી. આ પહેલા રવિવારે કોર્ટ દ્વારા તેને એક દિવસની ED કસ્ટડીમાં મોકલવામાં આવી હતી. રવિવારે, જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ તેમને કોલકાતામાં બેંકશાલ કોર્ટમાં હાજરી માટે લઈ રહ્યા હતા, ત્યારે તેમણે તૃણમૂલ કોંગ્રેસ સાથેના તેમના સંબંધો વિશે મોટો દાવો કર્યો હતો. જો કે, તે લોક-અપમાંથી કોર્ટમાં જતી વખતે તેની આંખોમાંથી આંસુ લૂછતી પણ જોવા મળી હતી. પરંતુ, જેમ જેમ ED તથ્યો એકત્ર કરી રહ્યું




છે, ઘણા મોટા ખુલાસા થઈ રહ્યા છે.

ED ની રડારમાં આવેલ અર્પિતા મુખર્જીની વાત કરવામાં આવે તો અર્પિતા મુખર્જીએ ખૂબ જ ટૂંકાગાળા માટે બાંગ્લા ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કર્યું છે. અર્પિતા મુખર્જીએ ફિલ્મી કરિઅરમાં મોટાભાગે સાઈડ રોલ કર્યા છે. તેણે બાંગ્લા ફિલ્મોની સાથે સાથે ઉડિયા અને તમિલ ફિલ્મોમાં પણ કામ કર્યુ છે. અર્પિતા મુખર્જીએ બાંગ્લા ફિલ્મોના સુપરસ્ટાર પ્રોસેનજીત અને લીડ રોલવાળી ફિલ્મોમાં પણ સાઈડ રોલ ભજવ્યા છે. ઉપરાંત અર્પિતા મુખર્જીએ બાંગ્લા ફિલ્મ અમર અંતકનાડમાં પણ અભિનય કર્યો છે. ED એ દરોડા પાડીને અર્પિતા મુખર્જીના ઘરેથી ૨૦ કરોડ રૂપિયા જપ્ત કરતા અર્પિતા મુખર્જી ચર્ચામાં આવી છે. કેન્દ્રીય એજન્સીઓ અનુસાર શિક્ષા ભરતી ગોટાળાની તપાસ દરમિયાન અર્પિતા મુખર્જી તેમાં સંડોવાયેલી હોવાનું સામે આવ્યું છે. અર્પિતા મુખર્જી પાર્થ ચેટર્જીની નજીકની વ્યક્તિ - કહેવાય છે કે અર્પિતા મુખર્જી પશ્ચિમ બંગાળ સરકારના મંત્રી પાર્થ ચેટર્જીના નજીકની વ્યક્તિ છે. પાર્થ ચેટર્જી મમતા બેનર્જી સરકારમાં શિક્ષા મંત્રી રહી ચૂક્યા છે. એવા સવાલ પણ ઉભા થઈ રહ્યા છે કે બાંગ્લા ફિલ્મોમાં સાઈડ રોલ કરનાર અર્પિતા મુખર્જી સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસના કદાવર નેતા પાર્થ ચેટર્જીની નજીકની વ્યક્તિ કેવી રીતે બની ગઈ છે.

તૃણમૂલ કોંગ્રેસના કદાવર નેતા અને બંગાળ સરકારના મંત્રી પાર્થ ચેટર્જી દક્ષિણ કલકત્તામાં લોકપ્રિય દુર્ગા પૂજા સમિતિ નકટલા ઉદયનનું સંચાલન કરે છે. જે કલકત્તાની સૌથી મોટી દુર્ગા પૂજા સમિતિમાંથી એક છે. ૨૦૧૯ અને ૨૦૨૦ માં પાર્થ ચેટર્જીની દુર્ગા પૂજા સમારોહમાં અર્પિતા મુખર્જી એક જાણીતો ચહેરો બની ગઈ છે. દુર્ગા પૂજા દરમિયાન જાહેર કરેલ પોસ્ટરમાં પાર્થ ચેટર્જીનું નામ સંઘના અધ્યક્ષ તરીકે લખવામાં આવ્યું હતું. ટીએમસીએ એક અધિકૃત નિવેદન જાહેર કરીને પોતાને આ કૌભાંડથી અલગ કરી લીધું છે. કહેવામાં આવ્યું છે કે , ટીએમસીનો આ પૈસા સાથે કોઈ સંબંધ નથી. તપાસમાં જે લોકોના નામ સામે આવ્યા છે તેમણે અને તેમના વકીલોએ જવાબ આપવાનો રહેશે. ટીએમસી આ મામલે તપાસ કરી રહી છે અને સમય આવશે ત્યારે જવાબ આપશે. આ મામલે બંગાળમાં ભાજપ આક્રમક રૂપમાં જોવા મળી રહી છે. પશ્ચિમ બંગાળમાં શિક્ષા ભરતી ગોટાળાની ચર્ચા થઈ રહી છે. આ ભરતી ગોટાળાની તપાસ રાજ્ય સરકાર અને મંત્રીઓ સુધી પહોંચી ગઈ છે. મમતા બેનર્જીની સરકારમાં મંત્રી પાર્થ ચેટર્જીની નજીકની વ્યક્તિ અર્પિતા મુખર્જીના ઘરે ED એ દરોડા પાડીને ૨૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. પાર્થ ચેટર્જીના ઘરે પણ શુક્રવારથી દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ તમામ તપાસ વચ્ચે સવાલ ઊભા થઈ રહ્યા છે કે, અર્પિતા મુખર્જી કોણ છે ? અને પાર્થ ચેટર્જી સાથે કેવી રીતે જોડાયેલા છે ? . આ રહસ્ય કોઈ નથી જાણતું.!!!જે જાણે છે તેઓ મોઢું ખોલવા નથી માંગતા. આ કેસમાં બે દિવસ બાદ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેમનું મૌન તોડ્યુ છે. તેમના નિવેદનમાં તેમણે કહ્યું છે કે તે ભ્રષ્ટાચારનું સમર્થન નથી કરતી. વધુમાં તેમણે જણાવ્યુ કે બધા લોકો એક સમાન નથી હોતા. હું ઈચ્છુ છુ કે સત્ય એક સમય મર્યાદામાં સામે આવે. આમ મમતાને પાર્થ મુખર્જી વિશે પૂછવામાં આવ્યું તો એ ચીડાઈ ગયા અને જવાબ આપવાનો ઈન્કાર કરી દીધો. અભિનેત્રી-મૉડલ અર્પિતા મુખર્જીએ દાવો કર્યો છે કે 'હું કોઈ પક્ષ સાથે નથી. મને કાયદામાં વિશ્વાસ છે અને હું માનું છું કે કાયદો તેનો માર્ગ અપનાવશે. જો કે, ED અધિકારીઓએ કોર્ટમાં દાવો કર્યો હતો કે અર્પિતા 'પાર્થ ચેટર્જી નામના સજ્જનની શુભચિંતક અને નજીકની સહયોગી' છે. તેનાથી વિપરિત, તેણીના જામીન માટે અરજી કરતા, તેણીના વકીલ નિલાદ્રી ભટ્ટાચાર્યએ દાવો કર્યો હતો કે તે પાર્થ ચેટરજીની નજીક નથી. જોકે, મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ નમ્રતા સિંહે રવિવારે તેમની જામીન અરજી ફગાવી દીધી હતી.

**મમતા બેનર્જીની સરકારમાં મંત્રી પાર્થ ચેટર્જીની નજીકની વ્યક્તિ અર્પિતા મુખર્જીના ઘરે ED એ દરોડા પાડીને ૨૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે .**

# શેરબજાર : સેન્સેક્સમાં ૫૪૮ અંકનો વધારો


મુંબઈ,તા.૨૮

ભારતીય શેરબજારો આજે વધીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૫૪૮ અંક વધી ૫૫૮૧૬ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૫૮ અંક વધી ૧૬૬૪૧ પર બંધ રહ્યો હતો.સન ફાર્મા, SBI, લાર્સન, TCSના શેર વધ્યા

સેન્સેક્સ પર સન ફાર્મા, SBI, લાર્સન, TCS, એશિયન પેઈન્ટ્સ સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. સન ફાર્મા ૩.૩૯ ટકા વધી ૮૯૫.૫૦ પર બંધ રહ્યો હતો. SBI ૨.૭૬ ટકા વધી ૫૨૮.૩૫ પર બંધ રહ્યો હતો. જોકે ભારતી એરટેલ, કોટક મહિન્દ્રા, NTPC, બજાજ ફિનસર્વ, રિલાયન્સ સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. ભારતી એરટેલ ૧.૩૨ ટકા વધી ૬૭૪.૮૦ પર બંધ રહ્યો હતો. કોટક મહિન્દ્રા ૦.૧૭ ટકા ઘટી ૧૭૫૪.૬૦ પર બંધ રહ્યો હતો.



## શબ્દ સંજોગ-૧૪૦૦



**આડી ચાવી :**
(૧) એક કહેવત (૫)
(૫) અવિનાશી, બોલ (૩)
(૭) શરીરની ઉંચાઈ અને જાડાઈ (૨)
(૮) આનું અથાણુ બને (૪)
(૧૧) એક ફળ (૩)
(૧૨) ધોળકામાં મીનળદેવીએ બંધાયેલુ તળાવ (૩)
(૧૪) 'સરકાર' આડી અવળી થઈ ગઈ (૪)
(૧૬) લલાટ, કપાળ (૨)
(૧૭) પરિષદ, મેળાવડો (૨)
(૧૮) પ્રાચીન યુનાન દેશનો રહેવાસી (૩)
(૨૦) વેહતા પાણીમાં થતુ કુંડાળુ (૩)
(૨૫) રેલ્વે સ્ટેશને માલ-સામાન ઉચકનાર માણસ (૩)
(૨૬) એક ગરમ મસાલો:..... પત્ર (૩)
(૨૭) પ્રયત્ન, મહેનત (૨)
(૨૮) મોળુ, નરમ (૩)

**ઉભી ચાવી :**
(૧) ''...કટે મિટે સબ પીરા, જો સુમરે હનુમંત બલબીરા......'' (૩)
(૨) હોદ્દો, દરજ્જો (૨)
(૩) મોટી લડાઈ, યુધ્ધ (૨)
(૪) કસોટી, પરીક્ષા (૩)
(૫) ચિંતા, દિલગીરી કે દુઃખ દર્શાવનાર ઉદ્ગાર (૪)
(૬) સરનામુ થયુ આ-અ (૪)
(૯) માલસામાન ઉંચકનાર (૩)
(૧૦) એક રાશિ (૨)
(૧૨) દક્ષિણ ભારતમાં આવેલો એક પર્વત (૩)
(૧૩) વસ્ત્ર (૩)
(૧૫) આડખીલી, નડતર (૩)
(૧૯) વિષ્ણુનો ત્રીજો અવતાર (૩)
(૨૧) મુદત, સમય (૪)
(૨૨) કંકણ, કડું (૩)
(૨૩) દાઝયા પર લગાવાય (૩)
(૨૪) જુદુ, દૂર (૩)

## શબ્દ સંજોગ-૧૩૯૯ જવાબ

**આડી ચાવી :**(૧) અકંપન (૪) હાહાકાર (૭) આણંદ (૯) દાદા (૧૦) દવા (૧૧) યોજના (૧૪) તબ (૧૬) દલવાડી (૧૯) લાગ (૨૨) નફો (૨૪) રજત (૨૬) સાજન (૨૭) માલા (૨૮) દમ (૨૯) માદા (૩૦) વોરા (૩૧) તે (૩૨) રવિ (૩૩) મહી.
**ઉભી ચાવી:**(૧) અમદાવાદ (૨) પઆ(આપ) (૩) નણંદ (૫) હાથિયો (૬) રચના (૮) દવાત (૧૨) જમ્મુ (૧૭) હવા (૧૫) બલા (૧૭) લવાજમ (૧૮) ડીન (૨૦) ગરમાવો (૨૧) પ્રાંત (૨૩) ફોજદાર (૨૫) જલારામ (૨૬) સાદર.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૨૧૩૪ |
| ઘઉં લોકવન | ૪૧૯ | ૪૬૩ |
| ઘઉં ટુકડા | ૪૩૩ | ૫૦૪ |
| જુવાર સફેદ | ૪૯૦ | ૭૬૧ |
| જુવાર પીળી | ૩૬૫ | ૪૭૫ |
| બાજરી | ૨૯૫ | ૪૫૧ |
| તુવેર | ૧૧૩૦ | ૧૩૫૬ |
| ચણા પીળા | ૮૩૫ | ૯૦૫ |
| ચણા સફેદ | ૧૩૨૧ | ૧૯૦૦ |
| અડદ | ૧૨૫૨ | ૧૫૬૬ |
| મગ | ૧૧૫૦ | ૧૪૬૮ |
| વાલ દેશી | ૯૭૫ | ૧૯૪૦ |
| વાલ પાપડી | ૧૮૫૦ | ૨૦૨૦ |
| ચોળી | ૮૯૧ | ૧૨૯૦ |
| વટાણા | ૪૦૦ | ૧૧૫૦ |
| કળથી | ૯૫૦ | ૧૩૦૫ |
| સીંગદાણા | ૧૭૫૦ | ૧૯૧૧ |
| મગફળી જાડી | ૧૧૬૫ | ૧૩૬૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલી | ૨૦૭૦ | ૨૪૩૫ |
| સુરજમુખી | ૮૫૦ | ૧૨૦૫ |
| એરંડા | ૧૩૬૦ | ૧૪૪૧ |
| અજમો | ૧૫૫૦ | ૨૦૭૫ |
| સુવા | ૧૨૨૫ | ૧૪૭૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૧૮૨ |
| સીંગફાડા | ૧૩૮૦ | ૧૫૬૦ |
| કાળા તલ | ૨૧૦૦ | ૨૭૩૬ |
| લસણ | ૧૨૦ | ૫૦૦ |
| ધાણા | ૨૧૫૦ | ૨૨૭૯ |
| ધાણી | ૨૧૦૦ | ૨૪૧૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૨૩૯૦ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૫૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૯૭૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૨૨૦૦ | ૨૪૫૦ |
| રાયડો | ૧૧૨૫ | ૧૧૯૫ |
| રજકાનું બી | ૩૮૦૦ | ૪૫૫૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૧૦૦૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૦ | ૭૦૦ |
| બટેટા | ૨૨૫ | ૪૨૫ |
| ડુંગળી સુકી | ૩૫ | ૨૫૦ |
| ટમેટા | ૫૦૦ | ૬૦૦ |
| કોથમરી | ૧૨૦૦ | ૧૭૦૦ |
| રીંગણા | ૪૨૦ | ૫૩૦ |
| કોબીજ | ૨૦૦ | ૭૫૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૭૫૦ |
| દુધી | ૨૦૦ | ૬૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૫૦ |
| ગાજર | ૬૦૦ | ૮૦૦ |
| કંટોળા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ગલકા | ૪૫૦ | ૭૦૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૪૩૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૧૧૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૪૫૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૧૦૬૦ | ૨૦૯૦ |
| શિંગ મઠડી | ૧૧૫૦ | ૧૩૦૨ |
| શિંગ મોટી | ૧૧૧૦ | ૧૪૦૪ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૯૦૦ |
| શિંગ ફાડા | ૧૬૬૧ | ૧૮૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૯૧ |
| તલ કાળા | ૧૫૨૦ | ૨૫૭૦ |
| તલ કાશ્મીરી | ૨૩૮૫ | ૨૩૮૫ |
| બાજરો | ૨૯૫ | ૪૭૦ |
| જુવાર | ૪૦૦ | ૭૨૭ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૫૧૪ |
| ઘઉં લોકવન | ૪૩૯ | ૪૮૯ |
| મગ | ૧૧૨૦ | ૧૩૨૯ |
| ચણા | ૬૯૦ | ૯૦૭ |
| તુવેર | ૮૯૫ | ૧૨૫૫ |
| એરંડા | ૧૨૫૦ | ૧૪૧૭ |
| જીરું | ૪૧૭૦ | ૪૪૪૫ |
| રાઈ | ૧૦૫૧ | ૧૧૦૧ |
| ધાણા | ૧૬૫૦ | ૨૨૧૧ |
| મેથી | ૮૯૧ | ૯૮૧ |
| સોયાબીન | ૧૦૯૧ | ૧૧૨૧ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણાં | ૫૦૦ | ૫૮૦ |
| ફુલાવર | ૩૭૦ | ૫૦૦ |
| કોબીજ | ૫૦૦ | ૬૩૦ |
| ટામેટા | ૪૦૦ | ૫૦૦ |
| સુરણ | ૫૦૦ | ૬૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૫૦ |
| દૂધી | ૩૦૦ | ૬૦૦ |
| કરેલા | ૫૦૦ | ૬૫૦ |
| ગલકા | ૬૫૦ | ૮૦૦ |
| મૂળા | ૩૫૦ | ૪૫૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચોળાશીંગ | ૭૫૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૬૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૯૫૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૩૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૨૪૦ |
| લસણ સૂકુ | ૨૦૦ | ૪૫૦ |
| મકાઈ | ૩૫૦ | ૫૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૨૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૬૧૫ | ૬૪૫ |
| બાજરી | ૩૦૦ | ૪૫૦ |
| ઘઉં | ૩૭૫ | ૪૮૦ |
| મગ | ૫૨૫ | ૧૩૫૦ |
| અળદ | ૯૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૦૨૭ |
| ચણા | ૮૫૦ | ૯૨૦ |
| મગફળી - જીણી | ૮૦૦ | ૧૨૩૫ |
| એરન્ડા | ૮૫૦ | ૧૪૨૬ |
| તલી | ૨૨૯૦ | ૨૪૪૮ |
| તલ કાળા | ૨૩૦૦ | ૨૫૯૫ |
| રાયડો | ૯૯૦ | ૧૨૦૫ |
| લસણ | ૮૦ | ૩૦૦ |
| જીરૂ | ૩૧૫૦ | ૪૪૦૫ |
| અજમો | ૧૮૮૫ | ૨૬૧૦ |
| અજમાની ભુસી | ૫૦ | ૧૫૫૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૨૦૫૦ |
| વટાણા | ૬૦૦ | ૮૬૫ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ચણા | ૮૨૬ | ૮૮૧ |
| ધાણા | ૧૯૦૦ | ૧૯૩૦ |
| મગ | ૧૧૦૦ | ૧૨૦૧ |
| સોયાબીન | ૧૧૦૫ | ૧૧૫૫ |
| સીંગદાણા | ૧૪૯૦ | ૧૮૭૧ |
| તલ સફેદ | ૨૨૫૫ | ૨૪૦૧ |
| તલ કાળા | ૨૨૦૦ | ૨૩૦૦ |
| મગફળી | ૧૧૫૫ | ૧૩૫૦ |
| અજમા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| **સાવરકુંડલા** | | |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૪૪૧ |
| સીંગદાણા | ૧૭૫૦ | ૧૮૫૧ |
| તલ | ૧૭૦૦ | ૨૪૨૬ |
| તલ કાળા | ૧૮૦૦ | ૨૫૫૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૨૦ |
| બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| જુવાર | ૬૨૫ | ૭૩૨ |
| મગ | ૧૨૦૦ | ૧૩૪૨ |
| ચણા | ૮૪૦ | ૯૧૨ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૬૦ |
| મેથી | ૮૫૦ | ૯૮૦ |
| રાઈ | ૧૨૪૨ | ૧૨૪૨ |
| ધાણા | ૧૭૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૮૦ |
| દેશી ચણા | ૯૧૦ | ૧૦૩૦ |
| **બાબરા** | | |
| મગફળી | ૧૧૧૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૭૧૨ | ૧૮૬૮ |
| ચણા | ૮૬૧ | ૮૮૯ |
| **રાજુલા** | | |
| બાજરો | ૪૪૦ | ૫૧૯ |
| જુવાર | ૫૪૦ | ૭૩૧ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૦૧ |
| મગ | ૧૪૫૧ | ૧૪૫૧ |
| તુવેર | ૮૮૦ | ૮૮૦ |
| ચણા | ૭૭૫ | ૯૦૦ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| તલ સફેદ | ૨૩૬૦ | ૨૩૮૦ |
| તલ કાળા | ૨૨૫૦ | ૨૨૫૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૨૧૦ |
| **ધારી** | | |
| શીંગ દાણા | ૧૮૫૦ | ૧૮૭૦ |
| કાળા તલ | ૨૫૫૦ | ૨૫૫૦ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૧૫૧ |
| વાલ | ૧૦૦૫ | ૧૦૦૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૨૫૧ | ૧૨૫૧ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૪૩૮ | ૪૭૬ |
| ઘઉં ટુકડા | ૪૪૨ | ૫૭૬ |
| કપાસ | ૧૦૦૧ | ૨૧૬૧ |
| મગફળી જીણી | ૯૧૦ | ૧૨૯૧ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૩૫૧ |
| મગફળી નવી | ૯૬૦ | ૧૩૫૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૮૭૧ |
| શીંગ ફાડા | ૧૦૪૧ | ૧૫૬૧ |
| એરંડા | ૧૨૦૧ | ૧૪૪૬ |
| તલ | ૨૦૦૦ | ૨૫૧૧ |
| જીરૂ | ૨૪૦૧ | ૪૩૪૧ |
| ઈસબગુલ | ૨૨૦૧ | ૨૨૦૧ |
| કલંજી | ૮૦૦ | ૨૪૮૧ |
| વરિયાળી | ૨૨૧૧ | ૨૨૧૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૩૫૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૪૦૧ |
| લસણ | ૧૦૧ | ૩૧૧ |
| ડુંગળી | ૫૧ | ૨૧૧ |
| ડુંગળી સફેદ | ૫૧ | ૧૨૬ |
| બાજરો | ૨૫૧ | ૪૬૧ |
| જુવાર | ૬૩૧ | ૭૧૧ |
| મકાઈ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૮૭૬ | ૧૪૧૧ |
| ચણા | ૭૨૧ | ૮૯૧ |
| વાલ | ૯૨૬ | ૧૭૨૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ચોળા/ચોળી | ૬૭૬ | ૬૭૬ |
| તુવેર | ૯૫૧ | ૧૩૨૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૧૮૧ |
| રાયડો | ૧૦૮૧ | ૧૧૭૧ |
| રાઈ | ૧૧૨૧ | ૧૧૩૧ |
| મેથી | ૬૨૬ | ૧૦૪૧ |
| સુવા | ૧૪૪૧ | ૧૪૪૧ |
| ગોગળી | ૬૦૧ | ૧૦૫૧ |
| કાંગ | ૬૪૧ | ૬૪૧ |
| **તળાજા** | | |
| મગફળી જીણી | ૧૦૨૨ | ૧૩૫૮ |
| તલ | ૨૩૭૫ | ૨૪૮૨ |
| તલ કાળા | ૧૯૦૦ | ૨૫૮૬ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૫ |
| બાજરો | ૩૮૦ | ૫૨૫ |
| જુવાર | ૭૫૦ | ૭૫૦ |
| મગ | ૧૧૦૦ | ૧૩૬૧ |
| ચણા | ૮૫૦ | ૯૨૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૩૮૭ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૮૯૦ |
| બાજરો | ૩૮૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૦૯ |
| જુવાર | ૬૦૦ | ૭૪૪ |
| મગ | ૧૦૫૦ | ૧૪૪૮ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૦૨ |
| ચણા | ૭૦૦ | ૯૭૪ |
| તલ | ૧૯૫૦ | ૨૩૯૯ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૬૭૬ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૦૦ |
| **મહુવા** | | |
| મગફળી જીણી | ૧૦૨૯ | ૧૨૭૦ |
| સીંગદાણા | ૧૬૪૫ | ૧૭૬૬ |
| મગફળી જાડી | ૧૦૨૫ | ૧૩૬૪ |
| જુવાર | ૪૭૩ | ૭૫૪ |
| બાજરો | ૪૧૮ | ૫૧૧ |
| ઘઉં | ૪૫૨ | ૫૯૨ |
| મગ | ૯૪૦ | ૧૩૧૨ |
| સોયાબીન | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ચણા | ૮૧૦ | ૧૦૨૫ |
| તલ | ૨૨૮૧ | ૨૪૩૬ |
| તલ કાળા | ૨૦૭૭ | ૨૬૦૧ |
| તુવેર | ૧૨૦૪ | ૧૨૦૪ |
| ડુંગળી | ૬૭ | ૩૭૦ |
| ડુંગળી સફેદ | ૧૨૧ | ૧૯૧ |
| નાળિયેર | ૩૯૯ | ૨૧૦૦ |
| **ભેસાણ** | | |
| ઘઉં | ૪૦૦ | ૪૮૪ |
| મગ | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ચણા | ૭૦૦ | ૮૭૦ |
| મગફળી | ૮૦૦ | ૧૦૧૦ |
| શિંગદાણા | ૧૬૦૦ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૮૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૨૮૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૮૦ |

PrintED and PublishED by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private LimitED. PrintED at Sanjog Press, Sanjog India News Private LimitED keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and publishED at Sanjog India News Private LimitED keriya gam road opp. hanuman vadi near bypass amreli. EDitor Vasantbhai Bavabhai Movliya
Resident EDitor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# લઠ્ઠાકાંડની કરૂણાંતિકા વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે

## સાબર ડેરીના પ્લાન્ટની મુલાકાત લઈને વિવિધ પ્રોજેક્ટનું કરશે લોકાર્પણ

(એ.આર.એલ),હિંમતનગર,તા.૨૭

ગુજરાતના કેમિકલ કાંડની કરુણાંતિકા વચ્ચે આવતીકાલે પીએમ મોદી ગુજરાત આવશે. તેઓ સાબરકાંઠા સ્થિત સાબર ડેરીના પ્લાન્ટની મુલાકાત લઈને વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. જેના બાદ તેઓ જંગી જનસભાને સંબોધન કરશે. આવતીકાલે સવારે ૧૦ કલાકે પીએમ મોદી ગુજરાત પહોંચશે. તેના બાદ તેઓ સાબરકાંઠાની સાબર ડેરીમાં જશે. અહીં તેઓ ૩૦૫ કરોડના ખર્ચે બનેલા પાવડર પ્લાન્ટ, ૧૨૫ કરોડના ખર્ચે બનેલા પેકેજીંગ યુનિટનું લોકાર્પણ કરશે. તથા




૬૦૦ કરોડના ખર્ચે બનનારા ચીઝ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે. ઉપરાંત સુકન્યા યોજના અન્વયે દીકરીઓને ખાતા ખોલવાનો કાર્યક્રમ અને મહત્તમ દૂધ ઉત્પાદન કરનાર મહિલા પશુપાલકોનું સન્માન કરાશે. પ્રધાનમંત્રી જિલ્લાના પ્રગતિશીલ મહિલા ખેડૂતો તેમજ આદિવાસી મહિલા દૂધ ઉત્પાદકો સાથે મુલાકાત કરશે. બાદમાં તેઓ જંગી જનસભાને સંબોધન કરશે. કાર્યક્રમ બાદ પીએમ મોદી ગુજરાતથી સીધા ચેન્નાઈ જવા રવાના થશે.

# રંગમાં ભંગ: દારૂની મહેફિલ માણતા PSI સહિત ૨૦ને ઝડપી પાડતા વલસાડ એસપી

## દારૂની મહેફિલને લઇને પોલીસને અગાઉથી જ બાતમી મળી હતી

(એ.આર.એલ),વલસાડ,તા.૨૭

વલસાડના અતુલમાં દારૂની મહેફિલમાં SPએ રેડ પાડી હતી. જેમાં PSI અને ૩ કોન્સ્ટેબલ પણ દારૂની મહેફિલ માણતા પકડાયા



હતા. જોકે દારૂની મહેફિલમાં એસપી આવી જતા પીએસઆઈને પરસેવો છુટી ગયો હતો. હવે ખાખી સામે જ અનેક સવાલો પેદા થઈ રહ્યા છે. અંદાજે ૨૦થી વધુ લોકોની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. અત્રે ઉલ્લખનીય છે કે, આ દારૂની મહેફિલને લઈને પોલીસને અગાઉથી જ બાતમી મળી ગઈ હતી. જેના લીધે પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. અડધી રાત્રે વલસાડ જિલ્લા પોલીસવડા ડૉ. રાજદીપસિંહ ઝાલાએ વલસાડ નજીક આવેલા અતુલની એક સોસાયટીમાં આવેલા ઘરમાં રેડ કરી હતી. રેડ દરમિયાન ૨૦થી વધુ શોખીનો શરાબ, કબાબની મહેફિલ માણતા ઝડપાયા હતા.

# ગુજરાત રાજ્ય ધો. ૧૦-૧૨ બોર્ડનું કેલેન્ડર જાહેર : ૧૪ માર્ચે પરીક્ષા

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું વર્ષ ૨૦૨૨-૨૩નું કેલેન્ડર જાહેર થયું છે. આ કેલેન્ડરમાં પ્રથમ સત્ર, બીજું સત્ર, પરીક્ષાની તારીખ, બોર્ડની પરીક્ષાની તારીખ, જાહેર રજાઓ સહિતની તમામ વિગતો રજૂ કરવામાં આવી છે. ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આગામી ૧૪ માર્ચથી શરૂ થશે અને ૩૧મી માર્ચે આ પરીક્ષાઓ પૂર્ણ થશે.આ સિવાય



વર્ષ દરમિયાન ૮૦ જેટલી રજાઓ પણ રહેશે. આ સિવાય સ્કૂલની વાર્ષિક પરીક્ષા પણ ૧૦ એપ્રિલે શરૂ થશે અને ૨૧ એપ્રિલ સુધી ચાલશે. ૫ જૂન ૨૦૨૩થી નવું શૈક્ષણિક સત્ર પણ શરૂ થશે. ધોરણ ૯ થી ૧૨ના અભ્યાસક્રમમાં કોઈ પણ ઘટાડો કરવામાં આવશે નહીં. સ્કૂલોમાં લેવાતી પરીક્ષા વર્ષ ૨૦૧૯-૨૦માં અમલી કરાયેલી પદ્ધતિ મુજબ લેવામાં આવશે. સ્કૂલ કક્ષાએ લેવાતી ધોરણ ૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા ૧૦ ઓક્ટોબરથી ૧૮ ઓક્ટોબર ૨૦૨૨ સુધી યોજાશે. દ્વિતીય પરીક્ષા ૨૭ જાન્યુઆરી ૨૦૨૩ થી ૪ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી યોજાશે. જ્યારે વાર્ષિક પરીક્ષા ૧૦ એપ્રિલથી ૨૧ એપ્રિલ સુધી યોજાશે.

# બોટાદ લઠ્ઠાકાંડ : રાજકોટમાં NSUI દ્વારા વિરોધ પ્રદર્શન

રાજકોટ,તા.૨૭

બોટાદનાં બરવાળા તાલુકામાં થયેલ કથિત લઠ્ઠાકાંડ મામલે NSUI અને યુથ કોંગ્રેસ દ્વારા રાજકોટના કોટેચા ચોક ખાતે રસ્તા પર બેસી ઉગ્ર



સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સાથે ગૃહમંત્રીનાં રાજીનામા અને ભોગ બનનારનાં પરિવારને આર્થિક સહાય આપવા સહિતની વિવિધ માંગો કરવામાં આવી હતી. જોકે આ અંગેની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી. અને દેખાવો કરતા NSUIના આગેવાનો તેમજ કાર્યકરોની ટીંગાટોળી સાથે અટકાયત કરવામાં આવી હતી.

# ભુજથી મોરબી આવતા આંગડિયા પેઢીના કર્મીનો રૂ. ૩૦ લાખ ભરેલો થેલો ગાયબ

મોરબી તા.૨૭

મોરબીની મહેન્દ્ર પ્રવીણ આંગડિયા પેઢીના બે કર્મચારી ભુજ તરફથી એસટી બસમાં બેસીને મોરબી આવી રહ્યા હતા ત્યારે તેઓ પાસે લગભગ ત્રણ થેલાઓ હતા. જેમાં એક થેલામાં આશરે ૩૦ થી ૩૫ લાખ રોકડા હતા. જ્યારે બીજા થેલામાં સોના-ચાંદીના દાગીના હતા. આ ત્રણ થેલા લઈને આંગડિયા પેઢીના બે કર્મચારીઓ ભુજ તરફથી



ભાવનગર ડિવિઝનની એસટી બસ જતી હતી તેમાં બેસીને મોરબી તરફ આવી રહ્યા હતા. મોરબી પહોંચ્યા ત્યાર બાદ તેઓને તેની પાસે રહેલા ત્રણ થેલા પૈકીનો રોકડા રૂપિયા ૩૦ થી ૩૫ લાખ ભરેલ થેલો ગુમ છે તેની ખબર પડી હતી જેથી તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. માટે પોલીસે તાત્કાલિક મોરબી જિલ્લામાં નાકાબંધી કરાવી હતી. આ બનાવ મોરબી પંથકમાં ક્યાંય બન્યો છે કે આગળ ક્યાંય બનાવ બન્યો છે..? તે તપાસનો વિષય હતો પરંતુ મોરબી જિલ્લા પોલીસે જિલ્લામાં નાકાબંધી કરાવી હતી.

# ઈશ્વરીયા ખાતે 'ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય, પાવર @૨૦૪૭' કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૭

પાવરગ્રીડ અને પીજીવીસીએલના સંયુક્ત ઉપક્રમે મોટાબાની વાડી ઈશ્વરીયા ખાતે 'ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય, પાવર @૨૦૪૭' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં પીજીવીસીએલનાં કર્મચારીઓ દ્વારા વીજ ક્ષેત્રે દેશની પ્રગતિ અને વીજ બચત અંગે વિવિધ નાટકો-કૃતિઓ રજૂ કરાઈ હતી. આ ઉપરાંત ઈશ્વરીયા ગામની પ્રાથમિક શાળાની



બાલીકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો. આ બાળાઓને તથા શિક્ષકોને પીજીવીસીએલ દ્વારા મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ રેખાબેન મોવલીયા સાથે ડો.ભાર્ગવ ડાંગર, નીતિનભાઈ રાઠોડ, જીતુભાઈ ડેર, વિપુલભાઈ દુધાત, મુકેશભાઈ બગડા, વનરાજભાઈ કોઠીવાળ, પ્રવિણભાઈ ચાવડા, ગુણવંતભાઈ સાવલીયા, એચ.આર.વામજા, કે.જે. કુબાવત, એચ.એચ. સોની, બાબુભાઈ વામજા, ધીરૂભાઈ રૂપાલા સહિતના મહાનુભાવો અને જેટકોના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સર્વે : રાજ્યમાં ભારે વરસાદને કારણે નવ જિલ્લામાં નુકસાની

## સહાય માટે કૃષિમંત્રીએ કેબિનેટમાં દરખાસ્ત મૂકી

અમદાવાદ તા.૨૭

ગુજરાતમાં થોડા સમય અગાઉ થયેલા ભારે વરસાદને કારણે કચ્છ સહિત રાજ્યના ૯ જિલ્લામાં નુક્સાનીનો સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. ૯ જિલ્લાના ૪૧ તાલુકાના ૩૦૭૦ ગામોમાં કુલ ૨૦૭ ટીમો દ્વારા પાક નુકસાન સર્વેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે પૈકી હાલના તબક્કે ૨૩૪૬ ગામોમાં સર્વે પૂરો કરાયો છે. ભારે વરસાદને કારણે રાજ્યના ૯ જિલ્લાનાં ૨.૪૨ લાખ હેક્ટરમાં પાક ધોવાઈ ગયો હોવાનું સામે આવ્યું છે. જ્યારે



૬૧ હજાર હેક્ટરમાં ૩૩ ટકા કરતાં વધુ નુકસાન થયું છે. આ જિલ્લાઓમાં સહાય આપવા અંગે કૃષિ મંત્રીએ કેબિનેટમાં દરખાસ્ત મૂકી દીધી છે.ગુજરાતમાં અત્યાર સુધીમાં ૯ જિલ્લામાં વરસાદથી નુકસાનનો સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. જેમાં સૌથી વધુ નુકસાન છોટાઉદેપુર જિલ્લામાં થયું છે. છોટાઉદેપુર જિલ્લાના ૮૮૦ ગામમાં ૧.૩૦ લાખ હેક્ટર વિસ્તારમાં અસર થઈ છે. જ્યારે અન્ય જિલ્લામાં પણ ભારે નુકસાન થયું છે.

# સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીનું ટીંબી નિર્દોષાનંદ હોસ્પિટલ દ્વારા સન્માન

અમરેલી, તા.૨૭

ટીંબીના નિર્દોષાનંદ હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યોથી પ્રભાવિત અને શુભેચ્છક એવા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ગુજકોમાસોલના ચેરમેન પદે પુનઃ નિયુક્ત થતા ટીંબીની સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલના મંત્રી બી.એલ. રાજપરાએ



તેમનું સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજીના જીવનચરિતામૃત ગ્રંથ અને શાલ-પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતું. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં લમ્પી વાયરસથી પશુધન બચાવવા રસીકરણ કરવા માંગ

અમરેલી તા. ૨૭

રાજ્યમાં લમ્પી વાયરસથી પશુધનને બચાવવા અંગે ગુજરાત કોંગ્રેસના અગ્રણી નીલેશભાઈ કુંભાણીએ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. જેમાં જણાવ્યું છે કે, કોરોના મહામારીમાં સરકારની બેદરકારીથી લોકો મોતને ભેટ્યા હતા. ત્યારે ફરી એકવાર પશુઓમાં લમ્પી વાયરસ રોગ દેખાતા અનેક પશુઓના મોત થઈ રહ્યા છે. ત્યારે તાત્કાલીક ધોરણે



પશુઓ જીવ ગુમાવે તે પહેલા સરકાર દ્વારા પશુધનને બચાવવા યુધ્ધના ધોરણે રસીકરણ સહિતની કામગીરી કરવામાં આવે તેવી અંતે રજૂઆત કરી હતી.

# દીવ ખાતે અમરેલીના પત્રકારનું એવોર્ડ અર્પણ કરી સન્માન કરાયું

અમરેલી, તા.૨૭

દીવના રેઈન્બો હોટેલ ખાતે ખાતે સાઉથ એશિયન રિપોર્ટર એસોસિયેશન દ્વારા પત્રકાર રત્નોને એવોર્ડ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમને લઈ દીવ કલેક્ટર, પૂર્વ મંત્રી જવાહરભાઈ ચાવડા અને એસોસિયશનના હોદ્દેદારો દ્વારા ગુજરાતભરમાંથી જુદાજુદા પત્રકારોની પસંદગી કરાઈ હતી. જેમાં અમરેલી જિલ્લામાંથી નિષ્ઠાવાન



અને પોઝિટિવ સમાચાર પ્રસિદ્ધ કરનાર ગુજરાત ૨૪ ન્યૂઝ ચેનલ અને પબ્લિક સપોર્ટ ન્યૂઝપેપરના એડિટર-પત્રકાર જાવેદખાન પઠાણને પત્રકાર રત્ન એવોર્ડ અર્પણ કરી સન્માન કરાયું હતું.


**-જાહેર નોટીસ-**

**કોડીનારના નામદાર જ્યુડી.મેજી.ફ.ક.સાહેબશ્રી ની કોર્ટમાં- કોડીનાર**

ફો.પ.અ.નં-૧૬૯/૨૦૨૨

**મુ.તા.૨૪/૦૮/૨૦૨૨**

બાભણીયા દેવીબેન નારણભાઈ

**રહે.-કોટડા, તા. કોડીનાર** ....અરજદાર

**-::વિરૂધ્ધ::-**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,

તલાટી કમ મંત્રીશ્રી - વેલણ - કોડીનાર .....સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી અધિનીયમ ની કલમ ૧૩(૩) મુજબ જન્મની નોંધ થવા બાબત**

આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, **બાંભણીયા દેવીબેન નારણભાઈ** ના પુત્ર મહેન્દ્રભાઈ નારણભાઈ બામણીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૪ ના રોજ કોટડા ગામે થયેલ છે. જે અંગેની નોંધ જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેથી તે સામે કોઈને વાંધો તકરાર હોય તો અત્રેની કોર્ટમાં **મું. તા.૨૪/૦૮/૨૦૨૨** નાં રોજ સવારનાં ૧૦-૩૦ કલાકે હાજર થઈ વાંધા રજુ કરવા, કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧મી માહે ૦૭ સને ૨૦૨૨ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિકકા કરી આપ્યુ.

**તૈયાર કરનાર સહી. આસીસ્ટન્ટ** | કોર્ટનો સિક્કો | **હુકમથી સહી. રજીસ્ટ્રાર જ્યુડી.મેજી.ફ.ક. કોડીનાર**


# અમરેલી, સાવરકુંડલા કોંગ્રેસ દ્વારા લઠ્ઠાકાંડનો વિરોધ : ગૃહમંત્રીના પોસ્ટર પર શાહી ફેંકાઈ

## 'આ લઠ્ઠાકાંડ નહીં હપ્તા ખાનારી સરકારનો હત્યાકાંડ છે' જેવા પોસ્ટરો સાથે દેખાવો

અમરેલી, તા. ૨૭

લઠ્ઠાકાંડમાં ૫૭ જેટલા લોકોએ જીવ ગુમાવતા સરકારની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. અમરેલી જિલ્લામાં સાવરકુંડલા અને અમરેલી



શહેરમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરી ગુજરાતમાં દારૂબંધી ફક્ત કાગળ પર જ હોવાનું જણાવ્યું હતું. અમરેલીમાં યુથ કોંગ્રેસના કાર્યકરોએ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના પોસ્ટર પર શાહી ફેંકી સૂત્રોચ્ચાર કર્યા હતા. સાથે જ 'આ લઠ્ઠાકાંડ નહીં હપ્તા ખાનારી સરકારનો હત્યાકાંડ છે' જેવા પોસ્ટરો સાથે દેખાવો કર્યા હતા. સાવરકુંડલામાં એનએસયુઆઈ દ્વારા મામલતદારને આવેદન પાઠવાયું હતું. અમરેલીમાં મોનીલ ગોંડલીયા, તેજસ મસરાણી, મનીષભાઈ ભંડેરી, સંદીપ પંડ્યા, હંસાબેન જોશી, મીનાબેન સોંડાગર, ટીકુભાઈ વરૂ, હિરેન ટીમાણીયા, રોનક ધાનાણી સહિતના કાર્યકરો આ વિરોધમાં જોડાયા હતા.


**-જાહેર નોટીસ-**

**કોડીનારના નામદાર એડી. જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં- કોડીનાર**

ફો.પ.અ.નં-૭૬/૨૦૨૨

મુ.તા. - ૦૮/૦૮/૨૦૨૨

અમરતલાલ લકમને,

રહે. કોટડા, તા.કોડીનાર, ....અરજદાર

**-::વિરૂધ્ધ::-**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,

તલાટી કમ મંત્રી શ્રી વેલણ, તા.કોડીનાર .....સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી અધિનીયમ ૧૯૬૯ કલમ ૧૩(૩)મુજબ મરણની નોંધ થવા બાબત**

આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, અરજદારના **પિતાશ્રી** લકમને દેવા, નું મરણ **તા.૧૪/૦૬/૧૯૯૪** ના તથા માતૃશ્રી સમીબાઈ લકમને નું મરણ **તા.૫/૦૩/૨૦૦૫ ના રોજ કોટડા** મુકામે થયેલ છે. જે અંગેની નોંધ મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેથી તે સામે કોઈને વાંધો તકરાર હોય તો અત્રેની કોર્ટમાં **મું.તા.૦૮/૦૮/૨૦૨૨**નાં રોજ સવારના ૧૦-૩૦ કલાકે હાજર થઈ વાંધા રજુ કરવા, કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૭મી માહે ૦૭ સને ૨૦૨૨ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિકકા કરી આપ્યુ.

**તૈયાર કરનાર સહી, (એચ.કે.રાઠોડ) આસી/સુપ્રીટેડેન્ટ** | કોર્ટનો સિક્કો | **હુકમથી સહી. રજીસ્ટ્રાર જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ કોડીનાર**

# મહારાષ્ટ્રમાં મંત્રીમંડળના વિસ્તરણને લઈ એકનાથ શિંદે સરકાર અસમંજસમાં

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૭

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની સરકારને તોડી પાડી સત્તા પર આવેલ એકનાથ શિંદે ભાજપ સાથે સરકાર બનાવ્યાને એક મહિનો થવા આવ્યો છે પરંતુ હજુ સુધી મંત્રીમંડળના વિસ્તારને લઈને કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ જ મળી સરકાર ચલાવી રહ્યાં છે પરંતુ કેબિનેટને લઈ સ્થિતિ સ્પષ્ટ થઈ રહી નથી જેને લઈને શિંદે ગુંચવાઈ ગયા છે ત્યારે તમામના મનમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે કે કઈ ફોર્મ્યુલા પર કેબિનેટની રચના થશે અને કોણ કેટલું મોટું હશે ભાજપ અને શિંદે જુથથી કેટલા કેટલા નેતા મંત્રી બનશે. એ યાદ રહે કે મહારાષ્ટ્ર વિધાનસભામાં કુલ સભ્યોની સંખ્યા ૨૮૮ છે



આવામાં બંધારણીય રીતે ૧૫ ટકા જ મંત્રી બની શકશે તેનો અર્થ એ છે કે મહારાષ્ટ્રમાં વધુમાં વધુ ૪૨ લોકો જ મંત્રી બની શકે છે. તેમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સામેલ છે. આ કારણે મહારાષ્ટ્ર કેબિનેટમાં ૪૦ મંત્રીઓ માટે જગ્યા છે પરંતુ હવે સવાલ એ ઉઠે છે કે શિંદે સરકાર પોતાની કેબિનેટમાં કેટલા લોકોને સામેલ કરે છે.

૩૦ જૂને એકનાથ શિંદેએ મુખ્યમંત્રી અને દેવેન્દ્ર ફડણવીસે નાયબ મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં.

# ઉદયપુર ઘટનાનો વિરોધ કરનાર કર્ણાટક ભાજપ યુવા નેતાની હત્યા

(એ.આર.એલ),બેલ્લારી,તા.૨૭

કર્ણાટકના બેલ્લારીમાં ભાજપના યુવા નેતાની ઘાતકી હત્યા કરવામાં આવી છે. પોલીસે માહિતી આપી છે કે ભાજપ યુવા મોરચાના અધિકારી પ્રવીણ નેતરુ બેલ્લારીમાં પોલ્ટ્રી શોપ ચલાવતા હતા. રાત્રે દુકાન બંધ કરીને તે ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે પાછળથી બાઈક પર આવેલા હુમલાખોરોએ



તેના પર કુહાડી વડે હુમલો કર્યો હતો. જો કે હજુ સુધી પોલીસ હત્યાનું કારણ શોધી શકી નથી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે હત્યારાઓને જલ્દી પકડી લેવામાં આવશે.

નોંધનીય છે કે પ્રવીણના મૃતદેહને પુત્તુરની સરકારી હોસ્પિટલમાં રાખવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં કોઈપણ અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા હોસ્પિટલની આસપાસ સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. તે જ સમયે, કર્ણાટકના મુખ્ય પ્રધાન બસવરાજ બોમાઈએ ભાજપ યુવા મોરચાના નેતાની હત્યા પર દુઃખ વ્યક્ત કરી જણાવ્યું છે કે, 'દક્ષિણ કન્નડ જિલ્લા સુલ્યાના બીજેપી કાર્યકર પ્રવીણ નેતારુની ઘાતકી હત્યા નિંદનીય છે.

# કોંગોમાં વિરોધ પ્રદર્શન થતાં બે ભારતીય સહિત ત્રણ શાંતિ સૈનિકોના થયા મોત

(એ.આર.એલ),કિંશાસા,તા.૨૭

કાંગોના પૂર્વી શહેર બુટેમ્બોમાં મંગળવારે સંયુક્ત રાષ્ટ્ર વિરોધી પ્રદર્શનોમાં બે ભારતીય નાગરિકો સહિત સંયુક્ત રાષ્ટ્રના ત્રણ શાંતિ સૈનિકોના મોત થયા છે. બુટેમ્બો પોલીસ પ્રમુખ પોલ નગોમાએ જણાવ્યુ કે હિંસામાં સાત પ્રદર્શનકારી પણ માર્યા ગયા છે. સોમવારે દેશના તણાવગ્રસ્ત



વિસ્તારમાં પ્રદર્શન શરૂ થયા હતા. પ્રદર્શનકારીઓનો આરોપ છે કે સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સેના હથિયારબંધ સમૂહો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં નિષ્ફળ થઈ રહી છે.

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ભારતીય સૈનિકોના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યુ છે. તેમણે ટ્વીટ કરતા લખ્યું- ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં બીએસએફના બે બહાદુર ભારતીય શાંતિ સૈનિકોના મૃત્યુ પર દુઃખ થયું. તે રાષ્ટ્ર શાંતિ સેનાનો ભાગ હતા.

# શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેને પ્રધાનમંત્રી મોદીએ અભિનંદન પાઠવ્યાં

(એ.આર. એલ),નવીદિલ્હી,તા.૨૭



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેને અભિનંદન પાઠવ્યા છે. પીએમ મોદીએ રાનિલ વિક્રમસિંઘેને તેમની ચૂંટણી પર અભિનંદન પત્ર મોકલ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે ભારત સ્થાપિત લોકતાંત્રિક માધ્યમથી સ્થિરતા અને આર્થિક પુનઃ પ્રાપ્તિ માટે શ્રીલંકાના લોકોને સમર્થન આપશે. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે, તેઓ ભારત અને શ્રીલંકા વચ્ચે વર્ષો જૂના, ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધોને મજબૂત કરવા રાષ્ટ્રપતિ વિક્રમસિંઘે સાથે મળીને કામ કરવા આતુર છે.

# મારા ઘરનો ઉપયોગ મિની બેંક તરીકે થતો હતો : અર્પિતા મુખર્જી

(એ.આર.એલ),કોલકતા,તા.૨૭

પશ્ચિમ બંગાળ શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં ધરપકડ કરાયેલા મંત્રી પાર્થ ચેટરજીની નજીકની સહયોગી અર્પિતા મુખર્જીએ ઈડીની પૂછપરછ દરમિયાન ઘણા મોટા ખુલાસા કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન અર્પિતા મુખર્જીએ કહ્યું છે કે તેના ઘરનો ઉપયોગ 'મિની બેંક' તરીકે થતો હતો, પાર્થ ચેટર્જી દર ૧૦



દિવસે તેના ઘરે આવતો હતો. બધા પૈસા પેક કરીને એક રૂમમાં રાખવામાં આવ્યા હતા. આ રૂમની અંદર માત્ર પાર્થ ચેટરજી અને તેના લોકો જ આવતા હતા. પાર્થ ચેટરજીની પરવાનગી વિના આ રૂમમાં કોઈ પ્રવેશી શકતું ન હતું અને પાર્થ કયારેય પણ કહેતા નહોતા કે કેટલા પૈસા મુકવામાં આવ્યા છે. કોલકાતામાં અર્પિતા મુખર્જીના ઘરે દરોડા દરમિયાન EDએ બે ડાયરીઓ જપ્ત કરી છે. આ ડાયરીની શોધ બાદ એવી અટકળોએ જોર પકડ્યું છે કે બંગાળમાં એક મોટું કૌભાંડ થયું છે.

# બોર્ડર પર શહીદ થયેલા જવાનોના પરિવારને ૧ કરોડ આપશે પંજાબ સરકાર

(એ.આર.એલ),ચંદીગઢ,તા.૨૭

પંજાબ સરકારે સરહદ પર શહીદ થયેલા જવાનોના પરિવારજનો માટે મોટો નિર્ણય લીધો છે. પંજાબ સરકારે નિર્ણય કર્યો છે કે સરહદ પર શહીદ થયેલા જવાનના પરિવારને ૧ કરોડ રૂપિયા આપવામાં આવશે. પંજાબના સીએમ ભગવંત માને ચંદીગઢમાં આ જાણકારી આપી છે. તેમણે કહ્યુ કે આ રકમ સૈનિકોના બલિદાન સમાન નથી પરંતુ અમે પરિવારને ૧ કરોડની રકમ આપીશુ જેથી પરિવારને કોઈ આર્થિક સંકટ



ન આવે. જ્યારથી ભગવંત માન પંજાબના સીએમ બન્યા છે ત્યારથી તેઓ પોતાના નિર્ણયોને કારણે ચર્ચામાં રહે છે. શહીદના પરિવારને ૧ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય હોય તે લોકોમાં સ્થાન બનાવવા માટે પૂરેપૂરો પ્રયાસ કરી રહ્યા છે.

# નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીએ સોનિયા ગાંધીની લાંબી પૂછપરછમાં ૧૦૦થી વધુ પ્રશ્ન પુછ્યાં

નવીદિલ્હી,તા.૨૭

નેશનલ હેરાલ્ડ કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સતત બીજા દિવસે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીની પૂછપરછ હવે પૂરી થઈ ગઈ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે પણ મની લોન્ડરિંગના આરોપમાં સોનિયા ગાંધીની લગભગ ૪ કલાક સુધી પૂછપરછ કરી હતી. તેમને ત્રણ દિવસમાં ૧૨ કલાકમાં ૧૦૦ થી વધુ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. તેમને ફરીથી બોલાવવામાં આવ્યા નથી. મની લોન્ડરિંગ કેસમાં મંગળવારે સોનિયા ગાંધીની છ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓએ કહ્યું કે તેણી પ્રશ્નોના જવાબ આપવા માટે "ઉતાવળમાં" હતી. આ પહેલા સોનિયા ગાંધીના પુત્ર અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની પાંચ



દિવસ સુધી પૂછપરછ કરવામાં આવી હતી અને લગભગ ૧૫૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે સોનિયા ગાંધીને નેશનલ હેરાલ્ડ અખબાર અને યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડ સાથે તેમની સંડોવણી અંગે કથિત રીતે પૂછપરછ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તેમના નિવેદનને રાહુલ ગાંધીના નિવેદન સાથે મેચ કરશે કારણ કે બંને યંગ ઈન્ડિયનમાં બહુમતી હિસ્સેદારો છે.

# પાક. હાઈકમિશને બાંગ્લાદેશના રાષ્ટ્રધ્વજનું અપમાન કરતાં ઢાકામાં ઉગ્ર દેખાવો

(એ.આર.એલ),ઢાકા,તા.૨૭

બાંગ્લાદેશના રાષ્ટ્ર ધ્વજનાં પાકિસ્તાનના હાઈકમિશને કરેલા અપમાન માટે ઢાકામાં પાક. હાઈકમિશન સમક્ષ વ્યાપક દેખાવો યોજવામાં આવ્યા હતા. લોકોએ બેનરો લઈ પાક. હાઈકમિશન સામે જોરદાર નારા લગાવ્યા હતા.

વાત એમ બની હતી કે પાકિસ્તાન હાઈકમિશન દ્વારા સોશ્યલ મીડિયા ઉપર બાંગ્લાદેશના રાષ્ટ્રધ્વજની જે તસવીર દર્શાવવામાં આવી હતી તેમાં બાંગ્લાદેશના ધ્વજની સાથે પાકિસ્તાનના ધ્વજમાં રહેલા 'ચાંદ-તારા'ને પણ દર્શાવવામાં આવ્યા હતા. તેમાંથી આ વિવાદ શરૂ થઈ ગયો.

બાંગ્લાદેશના સ્વાતંત્ર્ય સેનાનીઓએ તેને પાકિસ્તાનની નાલાયકી કહી હતી. તેઓએ કહ્યું બાંગ્લાદેશે પાકિસ્તાન વિરુદ્ધ લાંબો સ્વાતંત્ર્ય સંગ્રામ ખેલ્યો છે. તે મુકિત સંગ્રામ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોએ લખાયેલો છે.

# નૂપુર સમર્થકની હત્યાના આરોપીની જેલમાં સાથી કેદીઓએ ધોલાઈ કરી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૭

નૂપુર શર્માને સમર્થન આપતી પોસ્ટને કારણે કેમિસ્ટની હત્યા કરનાર આરોપી શાહરૂખ પઠાણ જેલમાં પોતાનું વર્ચસ્વ ઉભું કરવા માટે કેદીઓને પોતે કરેલી હત્યાની શેખી મારી રહ્યો હતો ત્યારે બેરેકના સાથી કેદીઓએ તેની પર હુમલો કરી દીધો હતો. જેલ તંત્રએ તાત્કાલિક બધા કેદીઓને બેરેકમાં અલગ અલગ કરી દીધા હતા. ઉદયપુરમાં દરજી કન્હૈયાલાલની જેમ જ અમરાવતીમાં કેમિસ્ટની



હત્યા કરવામાં આવી હતી. શાહરૂખ આર્થર રોડ જેલમાં બંધ છે.

મહારાષ્ટ્રના અમરાવતીમાં કેમિસ્ટ ઉમેશ કોલ્હેના હત્યા કેસમાં જેલમાં રહેલા આરોપી પર ૫ લોકોએ હુમલો કર્યો છે. ઉમેશ કોલ્હે મર્ડર કેસમાં આરોપી શાહરૂખ પઠાણની ધરપકડ કરવામાં આવી હતી. તેના પર ૫ લોકોએ હુમલો કર્યો હતો. આ ઘટના બાદ આરોપીઓને અલગ-અલગ બેરેકમાં ખસેડવામાં આવ્યા છે કારણ કે જ્યારે આ ઘટના બની ત્યારે ત્યાં સુધી તમામ આરોપીઓ એક જ બેરેકમાં રહેતા હતા. મુંબઈના એનએમ જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

# ત્રીજી વન-ડેમાં વેસ્ટઈન્ડિઝ સામે ભારતની મક્કમ શરૂઆત

પોર્ટ ઓફ સ્પેન તા.૨૭

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રીજી અને અંતિમ વન-ડેમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. જે નિર્ણય સાચો સાબીત થયો હોય તેમ ઓપનર કેપ્ટન શિખર ધવન અને શુભમન ગીલે ધીમી પણ સારી શરૂઆત કરી હતી. બન્ને વચ્ચે ૧૧૩ રનની ભાગીદારી થઈ હતી. શિખર ધવન ૭૪ બોલમાં ૭ ફોરની મદદથી ૫૮ રન બનાવીને હેડ



રશીડી વોલ્શનો શિકાર થયો હતો. શુભમન ગીલના અણનમ ૫૧ અને શ્રેયસના બે રનના સહારે ભારતે ૨૪ ઓવરમાં એક વિકેટે ૧૧૫ રન બનાવી લીધા છે. તે દરમિયાન વરસાદ આવતાં મેચ રોકવામાં આવી હતી.

# વિહિપ અને આરએસએસના દિલ્હી સ્થિત કાર્યાલયોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૭

વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દિલ્હી સ્થિત કાર્યાલયોને બુધવારે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. એવું જાણવા મળ્યું છે કે બુધવારે એક વ્યક્તિ વીએચપી ઓફિસમાં ઘૂસી ગયો હતો અને આ ધમકી આપી હતી. આ પછી વીએચપી કાર્યકર્તાઓએ તેને પકડીને દિલ્હી પોલીસને હવાલે કર્યો હતો. આ ઘટના બુધવારે



દિલ્હીના ઝંડેવાલાનમાં સ્થિત વિશ્વ હિન્દુ પરિષદની ઓફિસમાં બની હતી. ખુદ વીએચપીએ પણ પોતાના ટ્વિટર એકાઉન્ટ પર આ જાણકારી આપી છે.

એવું જાણવા મળ્યું છે કે એક વ્યક્તિ દિલ્હીના ઝંડેવાલાનમાં વિશ્વ હિન્દુ પરિષદની ઓફિસમાં ઘૂસી ગયો અને ધમકી આપવા લાગ્યો કે તે ઓફિસને બોમ્બથી ઉડાવી દેશે જેના કારણે કચેરીમાં ખળભળાટ મચી ગયો હતો. આ બાબતે તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. દરમિયાન, આ વ્યક્તિને કસ્ટડીમાં રાખવામાં આવ્યો હતો. તેઓ આવી પહોંચતા તેને પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો.

# ટાઈગર શ્રોફ અને દિશા પટનીનું ૬ વર્ષ બાદ બ્રેકઅપ થયાનો અહેવાલ

(જી.એન.એસ)મુંબઈ,તા.૨૭

બોલીવુડના લો પ્રોફાઈલ છતાં ફેવરિટ કપલમાંથી એક ટાઈગર શ્રોફ અને દિશા પટની અલગ થઈ ગયા હોવાના અહેવાલો છે. ૬ વર્ષના સંબંધો તૂટી ગયાના સમાચારથી બંનેના ચાહકો આઘાતમાં છે. બોલીવુડના સૌથી ફિટ કપલમાંથી એક ટાઈગર શ્રોફ અને દિશા પટનીનું બ્રેકઅપ થઈ ગયું છે. ૬ વર્ષ સાથે રહ્યા બાદ ટાઈગર અને દિશાએ આ નિર્ણય લીધો છે. આમ તો, ટાઈગર અને દિશાએ ક્યારેય પોતાના સંબંધો સાર્વજનિક નહોતા કર્યા. પરંતુ તેમની કેમિસ્ટ્રી અનોખી હતી. ટાઈગર અને દિશાની જોડી ચાહકોની માનીતી હતી. અનેકવાર તેમને ઈવેન્ટ્સ, પાર્ટીઝ, ડિનરમાં સાથે જોવામાં આવતા હતા. ટાઈગર અને દિશાની નજીકના સૂત્રોથી મળતી માહિતી પ્રમાણે હાલ ટાઈગર અને દિશા સિંગલ છે ગયા વર્ષે પણ ટાઈગર અને દિશાના બ્રેકઅપની ખબરો આવી હતી. જો કે બાદમાં બંને સાથે જોવા મળતા તે અફવા સાબિત થઈ હતી. પરંતુ હવે તેમણે પોતાના રસ્તા અલગ કરી લીધા છે. એક વર્ષ જેટલા સમયથી તેમના સંબંધોમાં ઉતાર-ચડાવ ચાલી રહ્યા હતા. અને હવે તેમણે અલગ થાનો નિર્ણય કરી લીધો છે. જે તેમના ચાહકો માટે આઘાત સમાન છે. રિપોર્ટ્સનું માનીએ તો બંને અલગ થઈ ગયા હોવા છતાં મિત્રતા યથાવત રાખી છે.

# આઈસીસી મહિલા ક્રિકેટ વિશ્વકપ ૨૦૨૫નું યજમાન ભારત રહેશે

બર્મિંગહામ તા.૨૭

આઈસીસી દ્વારા બર્મિંગહામ ખાતેની વાર્ષિક સભા દરમિયાન ૨૦૨૪ થી ૨૦૨૭ દરમિયાન યોજાનારા મહિલા ટૂર્નામેન્ટના યજમાન દેશોની જાહેરાત કરી છે. જે હેઠળ ૨૦૨૫ના મહિલા વર્લ્ડ કપની યજમાની ભારતને મળી છે. ૨૦૨૪ થી ૨૦૨૭ દરમિયાન ૨ ટી-૨૦ વર્લ્ડ કપ,




૧ વન-ડે વર્લ્ડ કપ અને ૧ મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરવામાં આવશે. મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન ટી-૨૦ ફોર્મેટમાં ૨૦૨૭માં કરવામાં આવશે.

ભારતમાં ૨૦૨૫માં મહિલા વન-ડે વર્લ્ડ કપ યોજાશે. આ મુદ્દે બોર્ડ સેક્રેટરી જય શાહે કહ્યું કે,'ભારત આ ટૂર્નામેન્ટનું સફળ આયોજન કરશે. અમે મહિલા ક્રિકેટને આગળ વધારવા કટિબદ્ધ છીએ.' ભારતમાં આ પાંચમી મહિલા ICC ટૂર્નામેન્ટ રહેશે.

# ખાંભાના મોટા સમઢીયાળા ગામે થયેલ હત્યા પાછળ જુનુ મનદુઃખ કારણભૂત

## એક જ પરિવારના ૪ શખ્સોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરાઇ





અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા સમઢીયાળામાં અઠવાડિયા પહેલા મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ ઘરમાં ઘુસી વૃદ્ધ દંપતી પર જીવલેણ હુમલો કરતા વૃદ્ધાનું મોત નિપજ્યું હતું જ્યારે વૃદ્ધને ગંભીર ઈજા પહોંચી હતી. હુમલાખોરો ઘરમાંથી રૂ. ૧૦ હજારની રોકડ તથા અન્ય ચીજ-વસ્તુઓની લૂંટ કરી નાસી છૂટ્યા હતા. આ ઘટનાએ ખાંભા પંથકમાં ચકચાર જગાવી હતી. ખાસ કરીને એકલા રહેતા વૃદ્ધ દંપતીઓમાં ફફડાટ ફેલાયો હતો. આ ઘટનામાં પોલીસે મૃતકના ભત્રીજાની ફરિયાદના આધારે ૩૦૨ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને શોધી કાઢવા તપાસ આદરી હતી. આ ઘટનામાં બનાવ સ્થળ આસપાસ રહેતા લોકો તથા મૃતકના સગાસંબંધીઓની પૂછપરછમાંથી પોલીસને જાણવા મળ્યું કે, આ ઘટનામાં ઈજા પામનાર વૃદ્ધ સાથે તકરાર થયેલ હોય તેવા ખેતમજૂરી કરતા ઈસમો આ ઘટના બની ત્યારથી અદૃશ્ય થઈ ગયા હતા. આ માહિતી બાદ પોલીસે મંગા સુરાભાઈ ચારોલીયા, ધારશી અબુભાઈ ચારોલીયા, સુરા બાલાભાઈ ચારોલીયા તથા બાવ અબુભાઈ ચારોલીયાને ઝડપી પાડી લૂંટનો મુદ્દામાલ તથા હથિયારો કબજે કર્યા હતા. આ શખ્સોની પૂછપરછમાં આ ઘટના પાછળ મોટર સાયકલ વેચવાની ના પાડ્યાનું તથા થોડા સમય પહેલા થયેલ માથાકુટનું મનદુઃખ કારણભૂત હોવાનું ખુલવા પામ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ પૈકી બે આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસે ૩ આરોપીની ધરપકડ કરી છે, જ્યારે એક આરોપી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોય, તેની ડિસ્ચાર્જ થયે ધરપકડ કરાશે.

### મોટર સાયકલ વેચવાની ના પાડતા થયું હતું મનદુઃખ

આ સમગ્ર ઘટના પાછળ મૃતકના પતિ હરજીભાઇએ મોટર સાયકલ વેચવાની ના પાડતા થયેલ મનદુઃખ કારણભૂત છે. આરોપીઓએ પૂછપરછમાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૦-જુલાઇના રોજ મંગા સુરા ચારોલીયા મોટર સાયકલ લેવા ગયેલ પરંતુ હરજીભાઇએ તેને મોટર સાયકલ વેચવાની ના પાડી હતી અને આ બાબતે બંને વચ્ચે ઝઘડો પણ થયેલ અને હરજીભાઇએ મંગા ચારોલીયાને બે લાફા માર્યા હતા. આ ઘટના બાદ વાત હત્યા સુધી પહોંચી જતા ચકચાર મચી જવા પામી હતી.

### બે આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ

પોલીસે પકડેલ ચાર આરોપીઓ પૈકી બે આરોપીઓ ગુનાહિત ઇતિહાસ ધરાવતા હોવાનું ખુલ્યું છે. જેમાં મંગા સુરાભાઇ ચારોલીયા સામે પ્રોહિબિશન તથા અન્ય કલમો હેઠળ ગુનો નોંધાયેલ છે. જ્યારે આરોપી સુરાભાઇ ચારોલીયા સામે જુગારધારા, પ્રોહિબિશન સહિતની કલમો હેઠળ ખાંભા પોલીસ મથકમાં પાંચ જેટલા ગુના નોંધાઇ ચૂક્યા છે.

